આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલે જ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૩ જુલાઈ—૧૯૯૨

અંક : ૧૦



## * આત્મનિરીક્ષણની આવશ્યકતા *

સાધકને માટે જે કેટલીક અનિવાર્ય આવશ્યકતાઓ છે તેમાં અનવરત રીતે કરાતા આત્મનિરીક્ષણનો સમાવેશ પણ થાય છે. જેણે આત્મિક ઉન્નતિના મંગલ માર્ગમાં સફળતાપૂર્વક આગળ વધવું છે એણે આત્મનિરીક્ષણની અભિરૂચિને વધારવી પડશે. એ પોતાની ત્રુટિઓ, ભૂલો, બદીઓ પ્રત્યે બેદરકાર રહેશે તો નહિ ચાલે. એવી બેદરકારી આ માર્ગમાં મદદરૂપ નહિ થઇ શકે. ઉલટું આપત્તિજનક નીવડશે. સાધનાની સિદ્ધિ, શાંતિ, મુક્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિ નિર્મળ હૃદયના સાત્ત્વિક સાધકોને જ થઇ શકે છે. અને એવી નિર્મળતા કે સાત્ત્વિકતાની સિદ્ધિમાં આત્મનિરીક્ષણ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

આત્મનિરીક્ષણ એટલે પોતાની જાતનું નિરીક્ષણ. આત્મિક પંથના પ્રવાસીએ પદપદપર જાતનું નિરીક્ષણ કરવું પડશે, પોતે પોતાની જાતના કડક ટીકાકાર કે વિવેચક બનવું પડશે, ને પોતાની જાતને સુધારવા માટે કટિબદ્ધ બનવું પડશે. પોતાના દોષોને જોઇને કે જાણીને બેસી રહ્યે નહિ ચાલે. એમને દૂર કરવાની કોશિશ પણ કરવી રહેશે. એના વિના આત્મનિરીક્ષણનું કાર્ય અધૂરું જ રહેશે. આત્મનિરીક્ષણની આદતના સુપરિણામરૂપે સાધકનું દિલ ઉદાર, વિશાળ, પ્રેમાળ ને પવિત્ર બની જાય છે. એ સર્વ પ્રકારના છળકપટથી ને સંકુચિત્ત મલિન જીવનવ્યવહારમાંથી મુક્તિ મેળવે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સા. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેનાં ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું સન્માન | તંત્રી | ૧૪ |
| શ્રીગોવિંદભાઇ ભક્તનો સંદેશો | ગોવિંદભાઇ ભક્ત | ૧૭ |
| સન્માનપત્ર | — | ૧૯ |
| અદંડનીય માફી | ગીતાબેન ડી. લાડ | ૨૨ |
| સંત શ્રી યોગેશ્વરજીનું ચિંતન–નવનીત | મહેન્દ્ર ઇ. પંડયા | ૨૬ |
| અમૃત પળોનો આસ્વાદ–૧ | ગોરધનભાઇ ડી. કલોલા (કલ્યાણ) | ૩૭ |
| કૃપાદર્શન | પૂર્ણિમા | ૪૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |


## * અભિનંદનીય *

'અધ્યાત્મ' માસિકના જુલાઇ, ૧૯૯૨ ના પ્રકાશનનો ખર્ચ, શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર રગ્બી (યુ.કે.)ના પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરમાં શ્રદ્ધા–ભક્તિ ધરાવતા ભાઇ બહેનો તરફથી ગુરુપૂર્ણિમાના પર્વ ઉપર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની રગ્બીમાંની ઉપસ્થિતિ નિમિત્તે આપવામાં આવી રહ્યો છે. તે સત્કર્મ કરવા બદલ શ્રી અંબાલાલ-ભાઇ મિસ્ત્રી અને બીજાઓને અભિનંદન ઘટે છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ જુલાઈ–૧૯૯૨ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૧–૧૨–૮૦, કારતક સુદ ચોથ, ૨૦૩૭, ગુરુવાર**
**સ્થળ : 'પ્રયાગ', નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ–૧૩**

સવારે નિત્યક્રમ મુજબ દૂધ પી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. હજી અસ્વસ્થતા છે. સવારની આજની પ્રશ્નોત્તરીમાં યોગભ્રષ્ટ આત્મા એટલે કોણ? તેના ઉત્તરમાં પૂ. શ્રીએ કહ્યું :

"તમે ગઈકાલે ગાડીમાં બેઠા હતા ને? પણ કેમ ઉતરી ગયા? પંક્ચર પડયું. તો એ રીતે જીવનમાં પણ પંક્ચર પડે અને રીપેર થતાં વાર લાગે. ફરી પાછી ગાડી તૈયાર થઈ જાય તેમ ભક્તના જીવનમાં પણ ઘણીવાર પોતે સાધનામાં અસ્થિરતા અનુભવતો લાગે. પણ તે અસ્થિરતા તેના ઘડતરમાટે જરૂરી પણ હોય. આઘાત–પ્રત્યાઘાત પણ જીવનમાં નવા બોધપાઠ લેવા માટે



કલ્યાણકારક ઠરે છે. તેમ સાધનામાં પણ એવું થાય, સમાજને લાગે કે સાધકનું પતન થયું, પણ સાચે જ એ પરિસ્થિતિ એમના જીવનઘડતર માટે જરૂરી હોય. જેથી ભવિષ્યમાં તે સાવધાન રહી આગળ વધે.

આટલા ઉત્તર પછી પૂ.શ્રીએ સાઈબાબાની સ્તુતિ બોલવાની સૂચના કરી. આજે ગુરુવાર હોવાથી સ્તુતિ બાદ સમય થતાં સૌ પ્રણામ કરી વિદાય થયા. ભોજન બાદ આરામ. સાંજે પાા વાગ્યે દ્વાર ખુલી ગયાં. આજે ત્રણેક ભાઈઓ નવા હતા. પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં ભજનોની નોંધ પૂ. શ્રી જોઈ લે છે. પ્રશ્નો શરૂ થાય છે.

**શ્રી પદ્માબેન :** ગુરુજી દેવી ભાગવતમાં નરકનાં વર્ણનો આવે છે તે સાચાં?

**પૂ. શ્રી :** મેં જોયાં નથી એટલે કેવી રીતે કહું? મારા ઉપર કાગળ પણ આવ્યો નથી. ત્યાં તો હશે કે કેમ એ ખબર નથી પણ અહીં તો મને નરક દેખાય છે. જે લોકો બૂરા વિચારોમાં જીવે, દારૂડિયા, વ્યસની, જીવનનું ભાન નથી, ક્લેશ, દુઃખ, અશાંતિ, વ્યાધિ છે તે તે નરક જ છે કે બીજુ કાંઈ? અને ઉત્તમ વિચારો, ભાવો, પ્રસન્નતા, પ્રેમમય વ્યવહાર, હસતા ચહેરા સત્કર્મ-પરાયણતા, પ્રભુનું અનુસંધાન, સ્વસ્થતા એ બધા સ્વર્ગના જ સ્થાનો છે ને?

**ભાઈ :** શક્તિપાત અંગે કાંઈક કહો, તે કેવું કાર્ય કરી શકે?

**પૂ. શ્રી :** હું તો શક્તિ, શક્તિપાત કરતાં પણ સર્વશક્તિમાન પ્રભુને જ મહત્ત્વ આપું છું. શક્તિના અધિષ્ઠાતા પ્રભુ પાસે જ

પહોંચો એટલે આપોઆપ જ તમારે આંગણે બધી શક્તિઓ આવી રહેશે. શક્તિ તો પ્રભુની દાસી છે.

"એક શેઠ એવા જ હતા–શોર્ટકટવાળા. ટૂંકો રસ્તો હોય તે પકડે. પાનની ટેવ. ગટરના પાણીથી ચૂનો ભીનો કરી પાન બનાવી ખાતાં જોનારાને નવાઇ લાગી. શેઠ કહે, "જે નજીક હતું તે લીધું. તો શોર્ટકટ. આવાં વિવેક વિનાનાં કામો, ઘણા શોર્ટકટવાળા કરતા હોય છે.

સ્ટેશન ઉપર સ્રી ફરે. ઘરે જવું છે. સજ્જન જેવા દેખાતા કહેઃ ચાલો ટેક્સી છે ઝટ ઘરે પહોંચાડી દઉં. એ શોર્ટકટમાં સ્રી ભોળવાઇને ફસાઇ જાય.

આપણને પણ એમ થાય, કોઇ સંત હાથ મૂકે ને "બેટા કલ્યાણ હો જાય. એવું શોધીએ" તો એવાને એવા મળી પણ જાય. દુનિયામાં બધી જાતનો માલ છે, હાથ લગાડીએ એટલે સમાધિ. જોકે અમે પણ યાત્રામાં પૂછીએ ભાઇ, આ ગામ જવાના બે રસ્તા તોં સહેલો ને ટૂંકો ક્યો? ૧૪ ને ૪ કિલોમીટર વાળો. તો ૪ કિલોમીટરવાળા માર્ગે જતાં પહેલાં પૂરતી તપાસ કરી લઇએ કે માર્ગ સારો છે ને? ત્યાં પહોંચ્યા પછી રેસ્ટહાઉસ વિગેરે મળશે કે કેમ?

લો, અમારી બોર્ડિંગમાં હજામભાઇ સબુરભાઇ હતા, જે દરરોજ વિદ્યાર્થીઓને કટ કરવા આવતા (તેની વાત કરે છે) તેની રીત કોઇ વિદ્યાર્થીને ગમતી ન હતી. તેમ શોર્ટકટ લાભદાયક નથી હોતા. શોર્ટકટમાં લાભ છે કે હાનિ તેની ખબર પણ બુદ્ધિની અપરિપકવતાને લીધે મોડી પડે છે, અથવા પડતી જ નથી, જેથી અનુભવી પુરુષોની સલાહ લેવી જરૂરી છે."



એક મહિનો નોકરી કરીએ તો પગાર મળે. એના કરતાં ખીસ્સું કાપીએ તો તરત જ પૈસા પણ પોલીસને હાથે ગયા તો મુસીબત. એમ શોર્ટકટ કેવો છે તે વિચારવું જરૂરી છે.

શક્તિપાત શબ્દ જ બરાબર નથી. શક્તિનો પાત થતો જ નથી. શક્તિનું પ્રાગટય થયું જ નથી. બીડાયેલા કમળ ઉપર સૂર્યકિરણો પડે એટલે કમળ ખીલે એનો અર્થ એ નહીં કે કમળની પાંદડી નથી પ્રગટી. પાંદડી તો હતી જ, પણ તે બીડાયેલી હતી, તે ઉઘડી. શક્તિનો વારસો દરેકમાં છે જ, પણ મહાપુરુષો સંકલ્પથી તે શક્તિના કેન્દ્રો ઉઘાડે છે. તો તે શક્તિપાત નહીં, પ્રાગટય કહેવાય.

ઘણાં તેલો બજારમાં મળે. તે બધાં જો શાકમાં વાપરો તો ઘણાં તેલો એવાં ને એવાં જ શરીરમાંથી નીકળી જાય. એ રીતે શક્તિપાતથી જે શક્તિ મળે તે સીધી જ આપણા જીવનમાંથી નીકળી જાય.

પોતાના પ્રયત્નોથી જે શક્તિને વિકસાવો–ભલે મોડી વિકસે, પણ તે આપણા વ્યક્તિત્વમાં ભળી જશે. આપણી યોગ્યતા તૈયાર થઇ હશે તો સહાયક બનનાર મહાપુરુષો પણ મળી જશે."

એક ભાઇ : ભાવાતીત દશામાંથી પાછા જગાય ખરું?

પૂ. શ્રી : આપણા વાવેલા ખેતરોને કોણ લણશે? આપણા કરેલાં કર્મોને કોણ ભોગવશે? જગાશે જ. બુદ્ધ પણ જાગ્યા. જાગે ત્યારે જરા જુદી રીતે સમજપૂર્વક જાગે.

એક ભાઇ : કુંડલિની શક્તિ જાગે એટલે પાછું સામાન્ય સ્થિતિમાં અવાય કે નહીં?

**પૂ. શ્રી :** કુંડલિની શક્તિની જે હમણાં પ્રચલિત વાતો છે તે જ આપણે તો માનીએ છીએ. શાસ્ત્રો મૂળ કોઇને વાંચવાં નથી, અનુભવ કરવા નથી ને ગપ્પાષ્ટક ચલાવવું છે.

શાસ્ત્રોમાં કુંડલિની જાગતાં કેવાં લક્ષણો પ્રગટે તેનું વર્ણન છે કે શરીર હલકું બને, આરોગ્ય મળે, નેત્રોમાં કાન્તિ આવે, સ્ફૂર્તિ રહે. મળમૂત્ર અલ્પ બને. ગમે તેટલી ઉંમરમાં પણ યુવાવસ્થા જ લાગે, વાણી મધુર, પ્રસાદ, નિર્ભિક, વિશ્વાસુ ને અમોઘ (બોલે તે સત્ય બને) બની જાય. એ જ રીતે દરેક ઇન્દ્રિયો પર શરીર-ભાવથી ઉપર ઉઠાય. આત્મામાં જ આકર્ષણ લાગે, પ્રભુસ્મરણમાં તલ્લીન થઇ જવાય. જેમ જેમ આગળ વધે તેમ તેમ દેહભાન ચાલ્યું જાય. સંતોનાં દર્શન થાય."

આજે પ્રશ્નોત્તરી ટૂંકી પણ સરસ હતી. આજના પ્રવચનમાં ભક્તિયોગ ઉપર જ આગળ વાર્તાલાપ થયો. પરદેશમાં ચાલતાં ધ્યાનકેન્દ્રોમાં વ્યસનમુક્તિની વાતો, નમ્રતાની વાતોમાં પુરીના રાધાકાન્ત મઠના સંતની વાતો કરી. પ્રવચન સરસ હતું.

આજે ગુરુવાર હોવાથી પૂ. શ્રી બટાકાનું શાક, દૂધ વિ. લે છે પછી વિશ્રામ કરે છે.

**તા. ૧૨-૧૨-૮૦, કારતક સુદ પાંચમ, ૨૦૩૭, શુક્રવાર**
**સ્થળ : 'પ્રયાગ', નારણપૂરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩**

સવારે નિત્યકર્મ પ્રમાણે દૂધ લીધા બાદ લેખનકાર્ય પછી સાડા અગિયારથી બારની મુલાકાતમાં પણ ઘરનાં જ સભ્યો હતાં. આજે પુષ્ટિમાર્ગની વાતો થઇ. સમય પ્રમાણે મગભાતનું ભોજન લઇ આરામ કરે છે.



સાડા પાંચે દ્વાર ખુલે છે. મુલાકાતીઓમાં એક કુટુંબ પધારે છે. પોતાના એક ૧૩ વર્ષના બાળકનો માનસિક વિકાસ મંદ છે તો આશિર્વાદ આપો એવી માગણીના અનુસંધાનમાં પૂ. શ્રી ધીરજ આપતાં કહે છે :

"માનસિક વિકાસ મોડો થશે. પ્રભુની કૃપા છે કે બીજી ઇન્દ્રિયોનો કંઇ વાંધો નથી. ચ્યવનપ્રાસનું સેવન કરાવો. મગજને કેળવવાની કસરત કરાવો 'અધ્યાત્મ'માં આસનોનાં વર્ણનો આવે છે. અધ્યાત્મ મંગાવો. (આસનોની વાત નીકળતાં પૂ. શ્રી મણિભાઇ શાહને પણ યાદ કરે છે.) વળી પોતે આસનો કરે છે તેની સાથે પોતાની માંદગી, પસંદગીની વાતો કરે છે.

**શ્રી ઈશ્વર પેટલીકર :** ૐકારનો જપ કરવાનો ને સારું કામ કરવાનું, પ્રાર્થના કરીએ એ ગાંધીયુગના પ્રભાવથી આજે નિરાકાર ધ્યાનોપાસના થઇ ન શકી, પણ હવે એ માર્ગે જઇ શકાતું નથી. જ્ઞાની-અજ્ઞાની બંનેને શાંતિ મળે જ છે. પણ કંઇક કરવું જોઇએ એવો ખ્યાલ ન આવ્યો.

**પૂ. શ્રી :** 'સબસે બડે દો મૂઢ, જિને ન વ્યાપે જગતગતિ' સૌથી સુખી મૂઢ એક અજ્ઞાનીની શાંતિ ને એક વિચારશીલની શાંતિ. ૐકારમાં રૂપનું ધ્યાન. બિન્દુવાળા ૐકારમાં મન સ્થિર થાય. ૐકાર આરંભમાં સામે રાખે, પછી તે પણ ચાલ્યું જાય. ૐકારના ધ્યાન સાથે હું પ્રેમસ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું. હું તે છું-એવી ભાવના કરે તો ઘણો લાભ થાય છે. સોહમ્‌માંથી એ બધાં આવે એ ભાવમયતામાંથી શક્તિ મળે છે. મહર્ષિ પતંજલિએ પણ કહ્યું છે કે ૐકારની ભાવનાનું ચિંતન કરો. એ રીતે નિરાકારની આરાધના છે. એ જ રીત સહેલી છે. કર્મ કરતાં

કરતાં પણ શાંતિ મળે. દિલ ડંખ વિનાનું, ભય વિનાનું, શોક વિનાનું બને પણ સત્કર્મપરાયણ માનવ પણ ધ્યાન–પ્રાર્થનામાં બેસે તો વિશેષ શક્તિ ને લાભ મળે છે. તેથી તે પ્રલોભનોનો શિકાર ન બને ને તેનો આત્મભાવ અકબંધ રહે. જેથી આસક્તિ-ભાવ ઓછો રહે, જાગ્રત રહેવાય. એટલે સેવા માટે પણ થોડી અંતરંગ સાધના જરૂરી છે. ગાંધીજી પણ એ જરૂરિયાત જોતા.

**પ્રશ્ન** : બધી વાતો ભગવાનને કરીએ પણ તે સાંભળે એવો અનુભવ કેવી રીતે થાય?

**પૂ. શ્રી** : ધીરે ધીરે અનુભવ થાય. ટેલિફોન હોય. રેડિયો હોય ને તેના સેલ જ ન હોય તો સંભળાય? એરિયલની દિશા જુદી હોય તો પણ ન સંભળાય. પ્રાર્થના કે પ્રભુની વાતો કરીએ ત્યારે શ્રદ્ધા ને સમર્પણ ન હોય તો શરૂઆતમાં ઓછું જ સંભળાય. તો પણ વાતચીતના સત્કર્મને વળગી જ રહેવાનું. એક એવી સમર્થ વ્યક્તિ છે જેને હું મારી વાતો કહું છું. જેમ જેમ ભક્તિ વધે, તેમ તેમ અવસ્થા ગજબની આવશે. પ્રાર્થના કરો ને ત્યારે જ જવાબ પણ મેળવી શકો. (પ્રાર્થનાના લાંબા અભ્યાસ પછી એ અવસ્થા મને મળી છે તેનો એક અનુભવ કહું–એમ કહી યાત્રાનો કાશીથી કલકત્તાનો એક પ્રસંગ કહે છે.)

(કામારપુકુર કે કલકત્તા જવું એ નિર્ણય અંગે જગદંબાને પૂછ્યું તે પ્રસંગ કહેતાં કહે છે) પહેલાં ધ્યાન કરવું પડતું, પ્રાર્થના કરવી પડતી. આજથી ૧૫ વરસ ઉપર એવું કરવું પડતું. ૧૫ દિવસે–મહિને સંભળાય. ઘણીવાર ન પણ સંભળાય. કોઈવાર સ્વપ્નમાં જવાબ મળતા. પણ હવે તરત જ જવાબ મળે છે. નિર્ણયો લેવાની વખતે આત્માની શક્તિ જ લખે છે. એમાં



આપણી ઈચ્છા ગૌણ ગણાય. (સાઉથ આફ્રિકાના પ્રસંગની વાતો થઈ) તમે પ્રાર્થના કરતાં કરતાં આ ભૂમિકાપર પહોંચી શકો. શંકા ન રહેશે, સંભળાશે જ. પણ એને માટે થોડી તૈયારી જરૂરી છે. આત્મકથા વાંચતાં ખબર પડશે કે કેટલાયે ઉપવાસો ને પ્રાર્થના પછી તે તંતુ પકડાઈ શકે છે.

**પ્રશ્ન** : ધ્યાનમાં જ્યોતિ દેખાય તે ભ્રમ છે?

**પૂ. શ્રી** : ના, શાસ્ત્રોમાં એનું વર્ણન છે પણ જીવનનું લક્ષ્ય જ્યોતિ જોવાનું નથી ને? જ્યોતિ જેની છે તેને જોવાની જરૂર છે. ધુમાડો છે તો અગ્નિ જરૂર હશે એમ માનીએ. તેમ જ જ્યોતિ જોઈને અટકી જવાની જરૂર નથી.

**પ્રશ્ન** : પ્રકાશના પંથે વાંચતાં મને અનુભવ થયો. સ્વપ્નમાં તમારું દર્શન અને સાથે એક યોગીનું દર્શન જેમણે પાવડરની ભૂકી આપી તે શું છે?

**પૂ. શ્રી** : પાવડરની ભૂકી એ પ્રસાદ છે. સંતના દર્શનથી બેસી ન રહો. હવે દર્શનો આનંદ આપશે પણ સાચું સુખ તો તમારા વ્યક્તિત્વથી જ મળશે. તમારી ભાવના સારી છે. જીવનની ત્રુટિઓ જુઓ, પવિત્ર બનો. દર્શન પંદરવાર થયાં, પણ કામક્રોધ થતા હોય તો શું કામનું? જેથી દર્શનથી આપણા સ્વભાવમાં સાત્ત્વિકતા, જીવનપરિવર્તન આવવું જોઈએ તે જ મહત્ત્વનું છે. ઈશ્વરના નિરાકાર અસ્તિત્વમાં માનો છો તે સારું છે. તમને અનુભવો થાય છે તે જેને ને તેને ન કહો. ફળો લાવનારા, પગે લાગનારા વધશે. અહંકાર થશે તો આપણી પ્રગતિ અટકશે. પાંચને કહો તો કેટલાક એવું કહેનારા પણ મળે કે અનુભવો થાય તે ભ્રમ છે. તો ભ્રમણા થશે. જેથી ગુપ્ત રાખો. અનુભવીઓ સલાહ આપશે

કે આગળ ચાલો, ખોટો આત્મસંતોષ ન રાખો. સવારસાંજ નિયમિત બેસો. નિરાકાર સાધના ગમે છે તો શાંતિથી બેસો. શ્વાસની ક્રિયા ધીમી કરો. અમે ચારવાર બેસીએ છીએ. અડધો કલાક બેસો તો ૧૦ મિનિટ બેસવામાં, દસ મિનિટ ઉઠવામાં તો દસ મિનિટ જ બેઠા એમ ગણાયને? ઓછામાં ઓછા એક કલાક તો બેસો જ. અમે ત્રણ કલાક બેસતા. લગન જોઇએ ને? દુકાનદાર કેટલું બેસે છે? કમાવવા માટે એ જરૂરી છે. બર્નાડ શૉ લખે છે કે પૈસાની જરૂર છે તેમ મનને પણ નિરાંત, શાંતિ, નિશ્ચિતતાની જરૂર છે. અંદરના ખજાનાને બહાર કાઢવા થોડી સાત્ત્વિકતા, થોડી નિરાંતની પણ જરૂર છે. બેસવાનું બહુ જરૂરી છે."

સમય થતાં સૌ ભક્તો પ્રણામ કરી વિદાય થયા. આજે ઈશ્વરભાઇ પેટલીકર–જે જાણીતા લેખક છે તેમને 'અધ્યાત્મ'ને 'સર્વમંગલ'ની પુસ્તિકા આપવામાં આવે છે. પછી પ્રવચનમાં પહોંચી ગયા.

પ્રવચનમાં આજે કુંડલિની શક્તિની વિસ્તૃત શાસ્ત્રોક્ત આધાર ઉપર ચર્ચા થઇ. કુંડલિની જાગૃત થતાં કેવા સાત્ત્વિક ફેરફારો થાય. વળી ભક્ત સમર્પિત થાય એટલે તેને ચિંતા રહેતી નથી. ભક્તકવિ રસખાન, હરિદાસ ભક્ત અને આણંદીના વૃદ્ધપુરુષને પોતે કરેલી મંત્રની મદદની વાતો થઇ. પ્રવચન સરસ હતું. પ્રવચન પછી એક બેને પૂછ્યું, ખુરશીઓ બેસતાં જ ડગી જાય તો આપણે પાયા રીપેર કરાવીએ છીએ ને? શ્રદ્ધા રીપેર થઇ શકે.

**પ્રશ્ન :** હનુમાનજીને ભજી શકાય? (બહેનોથી)

**પૂ. શ્રી :** કેમ નહીં? એવું ક્યાંયે નથી લખ્યું કે હનુમાનજીને



સ્ત્રીઓથી ન ભજી શકાય. હનુમાનજી ફક્ત પુરુષોના થોડા છે? બધાંના છે, સત્કર્મ બધાંથી જ થાય. ડર ન રાખો. ભજી શકો. હનુમાન ચાલીસા પણ ૧૫ વાર વાંચી શકો.

પ્રવચન પછી સત્સંગ બાદ આરામ. પૂરી ને દૂધના અલ્પાહાર બાદ આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

●

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણે સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્
IS : 10001
ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

ભક્ત સમાજ તરફથી

# પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું સન્માન

તંત્રી

ભારતના ભક્ત સમાજે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને સન્માનવાનો એક ખાસ કાર્યક્રમ તા. ૬–૬–૯૨ ના રોજ શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરતના ઉપક્રમે, વાવ (તા. કામરેજ, જિ. સુરત) ખાતે રાખ્યો હતો. આ સમારંભમાં અધ્યક્ષપદ ભક્ત સમાજના ઉદાર દાતા એવા શ્રીગોકળદાદાએ સંભાળ્યું હતું, જ્યારે અથિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી સ્વામી પ્રત્યગ બોધાનંદ સરસ્વતીએ આશીર્વચન ઉચ્ચાર્યાં હતાં.

વાવ ગામની શાળાની બાલિકાઓએ સૌ પ્રથમ પ્રાર્થના અને અભિનય ગીતથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શ્રી કરસનભાઇ ભક્તે મહેમાનોને આ સમારંભમાં મોટી સંખ્યામાં હાજરી આપવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમ જ શ્રી ડાહ્યાભાઇ ભક્તે સમારંભને સફળતા ઇચ્છતા સંદેશાઓનું વાંચન કર્યું હતું. આ સંદેશાઓમાં શ્રી ગોવિંદભાઇ ભક્ત અમેરિકા અને શ્રી છગનભાઇ ભક્ત અમેરિકાના સંદેશાઓ મુખ્ય હતા. શ્રી ગોવિંદભાઇ ભક્તનો સંદેશો અધ્યાત્મમાં અન્યત્ર છાપવામાં આવ્યો છે.

શ્રી ચંપકભાઇ ભક્તે શ્રી ગોકળદાદાનો પરિચય આપતાં જણાવ્યું હતું કે તેઓ આપબળે પનામામાં વસી આર્થિક રીતે સંપન્ન બન્યા છે. તેની પાછળ તેઓનો પુરુષાર્થ અને સૂઝ રહેલાં છે. વળી તેઓ સ્વભાવે ઉદાર હોઇ, નાનાં મોટાં સમાજહિતનાં કામોમાં હંમેશાં ઉદારહાથે ફાળો આપતા રહ્યા છે. તેઓ આટલી



મોટી વયે પણ સમાજહિતની પ્રવૃત્તિઓમાં રસ લેતા રહ્યા છે, તેથી દાદાનું ઉપનામ તેઓ પામ્યા છે :

કપૂરાના શ્રી ઈશ્વરભાઇ ભક્તે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પ્રારંભના સાધનાત્મક જીવનનો પરિચય આપતા પ્રસંગો રજુ કર્યા હતા, તો શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. માના તા. ૧૮ માર્ચ, ૧૯૮૪ પછીની તપશ્ચર્યાની તેમ જ તેઓના દ્વારા આજે ભારતમાં અને વિદેશોમાં થઇ રહેલી યુવકો અને બાળકોના જીવનોની સુધારણાની પ્રવૃત્તિઓ જણાવી, તેઓની આધ્યાત્મિક અનુભૂતિઓની વાતો કહી હતી.

સ્યાદલાના શ્રી સન્મુખભાઇ ભક્તે પૂ. મા શ્રી સર્વેશ્વરીને અર્પણ કરવામાં આવેલ સન્માનપત્રનું વાંચન કર્યું હતું. આ સન્માનપત્ર આ અંકમાં અન્યત્ર છાપવામાં આવ્યું છે, કારણ કે તે દ્વારા ભક્ત સમાજે પૂ. મા પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો છે.

પ્રમુખસ્થાનેથી શ્રી ગોકળદાદાએ પણ પૂ. મા શ્રી સર્વેશ્વરીને સન્માનવાની તક મળી તે બદલ ખુશી વ્યક્ત કરી હતી ને પૂ. માને સન્માનપત્ર અર્પણ કર્યું હતું.

મા શ્રી સર્વેશ્વરીએ સન્માનપત્રનો પ્રત્યુત્તર વાળતાં કહ્યું હતું કે "સ્ત્રીઓ માટે આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવી કઠણ છે, કારણ તેને માટે સાધના ઉપરાંત પોતાની જાતની સુરક્ષા એ પણ મહત્ત્વનો પ્રશ્ન છે. ભક્ત સમાજના પરિવારમાં અમારો જન્મ થયો એટલે અમને બાળપણથી જ માતા–પિતા દ્વારા પ્રાર્થના જેવા કેટલાક ઉત્તમ આધ્યાત્મિક સંસ્કારોની પ્રાપ્તિ થઇ. અમારા તે પછીના સાધનાત્મક જીવનમાં તે ખૂબ ઉપયોગી ને મદદરૂપ ઠરી. તે બદલ અમારા માતા–પિતાનાં ઋણી છીએ.

"વળી ભક્ત સમાજના ઋણનો સ્વીકાર કરતાં તેઓએ જણાવ્યું કે આ સમાજના ભાઇબહેનોએ અમારા સાધનાત્મક જીવનમાં કદી અવરોધો નાંખ્યા નથી આમજનોએ પણ હંમેશ સહકાર આપ્યો છે, જે ઘણી મોટી વાત છે."

"પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંતનો સહારો મળતાં, આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવાનું શક્ય બન્યું છે. આજે આ શરીર દ્વારા જે તપ કે સાધના થઇ રહી છે તેની પાછળ એ મહાપુરુષની શક્તિ જ કામ કરી રહી છે. એટલે જીવનમાં કોઇ સંતનો સથવારો મળી જાય તો જીવની કેવી કાયાપલટ થઇ જાય," તેનું પ્રત્યક્ષ ઉદાહરણ તેઓનું જીવન છે; એમ તેઓએ ઉમેર્યું હતું.

અંતમાં તેઓએ કહ્યું હતું કે પ્રભુના કોઇ પણ સ્વરૂપમાં ભલે શ્રદ્ધા રાખતા હો, પરંતુ તેને વળગી રહો. તેમાં શ્રદ્ધા રાખો. એકવાર સમર્પણ તો કરી જુઓ. પછી જુઓ કે પ્રભુ કેવું અદ્‌ભુત કામ તમારા જીવનમાં કરે છે.

તેઓએ ભક્ત સમાજની સવાર–સાંજની પ્રાર્થનાની પરંપરાને જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. મૃત્યુ પ્રસંગે ભજનો ને કીર્તન કરવાની તેની પરંપરાનેય તેઓએ શ્રેષ્ઠ ગણાવી બીરદાવી હતી.

શ્રી જયંતીભાઇ ભક્તે આભારવિધિ કરી હતી, તો શ્રી ચંપકભાઇ ભક્તે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

સુરત રામકબીર મંદિરના શ્રી રામસ્વરૂપદાસજી આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા.

સમારંભમાં હાજર રહેલ સર્વનું સ્વાગત મિષ્ટાન્ન ભોજનથી કરવામાં આવ્યું હતું એટલું જ નહિ પરંતુ અહીંના સર્વ આદિવાસી ભાઇબહેનોને પણ પ્રેમપૂર્વક જમાડયાં હતાં. ■



# શ્રી ગોવિંદભાઇ ભક્તનો સંદેશો

ગોવિંદભાઇ ભક્ત, અમેરિકા

**નોંધ :** તા. ૬–૬–૯૨ ના રોજ સુરત જિલ્લાના વાવ ગામે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો એક જાહેર સન્માન સમારંભ યોજાયો. ભારતમાં વસતા ભક્ત સમાજના ભાઇ બહેનોએ તેઓનું આ રીતે સન્માન કર્યું, તે પ્રસંગે અમેરિકામાં રહેતા ભક્ત સમાજના શ્રી ગોવિંદભાઇ ભક્તે જે ખાસ સંદેશો આ સમારંભ પ્રસંગે મોકલેલ તે ઘણા બધા સાધક ભાઇબહેનોના હૃદયના ભાવોનો પ્રત્યાઘાત પાડતો હોવાથી અત્રે આપ્યો છે. પૂ. માના ભગવતી સ્વરૂપને સમજવામાં તે મદદરૂપ થાય તેમ હોવાથી અધ્યાત્મમાં છાપવાનું તેને ઉચિત માનેલ છે.
—તંત્રી

પૂ. મા સર્વેશ્વરીને અંતરથી આશિષ સહ વંદન. રામકબીર.

* પૂ. મા સર્વેશ્વરીની તપશ્ચર્યા અને સાધનાનો પરિચય પામી તેમની સાધનાનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવા ભક્ત સમાજે આજે તેમની સાધનાનો સત્કાર સમારંભ યોજ્યો છે, જાણીને આનંદ થયો. આ સમારંભમાં 'મા'ના સાન્નિધ્યનો અણમૂલ લ્હાવો સૌને મળશે. આ બધું પરમ કૃપાળુ પરમાત્મા અને પ્રભુ યોગેશ્વરજીની કૃપાને પાત્ર છે, તેમને હજારો–લાખો વંદન!

* ધરતી ઉપર હિમાલયના શિખર જેવી 'મા'ની સાધનાએ ઊંચાઇ પ્રાપ્ત કરી છે અને તેથી જ 'મા'ના સાધક સમુદાયનો વ્યાપ આંતરરાષ્ટ્રીય પણ થયો છે. એમની આકરી સાધનાને એમની કૃશ–કાયા કેવી રીતે નભાવી રહી છે એનો વિચાર કરીએ ત્યારે પામી શકીએ કે મહાપ્રભુ યોગેશ્વરજીનું જ એ બળ છે, કૃપા છે.

*આજના સેળભેળિયા અને દંભી કાળમાં સાચા તેમ જ દંભી સંતો–સાધકોને પરખવા પણ એક સમસ્યા છે, ત્યારે મા સર્વેશ્વરી તો ઘરનું જ ઘી છે. નથી ડાલ્ડા કે નથી સેળભેળ, અને તેથી કરીને એમના કુટુંબ–પરિવારથી માંડીને એમના વતન–પરિવારે તેમ જ ભક્ત સમાજે અને દેશમાં તેમ જ દેશ બહારના આંતરરાષ્ટ્રીય–વસાહતી એવા ભિન્ન ભિન્ન પરિવારોએ પણ તેમની સાધના–સાન્નિધ્યને આવકારી 'મા'નો સત્સંગ ઉમળકા-ભેર અને હૃદયપૂર્વક માણી રહ્યાં છે.

*"ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે,
ધ્યાનથી ફળનો ત્યાગ, ત્યાગથી શાંતિ સત્વર."

ગીતાના આ મંત્રને માએ પોતાનું જીવન બનાવી દીધો છે. અને હવે માનવ માત્રને શાંતિ સમર્પણ કરવા માટે જ એમની જીવનયાત્રા ચાલે છે.

*"રાજ્ય માગું નહિ, સ્વર્ગ માગું નહિ,
મુક્તિ કી નીંદ મે ક્યા મઝા હૈ,
દીન કે દુઃખ ભવ ભવ મીટાતા રહું,
દીનબંધુ યહી વર મૂઝે દે."

સાધકો અને મહાત્માઓ પ્રભુ પાસે વરદાન માગે છે જ્યારે મા તો પ્રભુને માગવાનું કહે છે. એ એમના "માગ માગ પ્રભુ માગી લે" એ ભજનનો રસાસ્વાદ જો આ સમારંભમાં 'મા'ના મુખેથી માણશો તો એમના મહાન ત્યાગ અને અનાસક્ત યોગનાં દર્શન સૌને થશે જ થશે.

અંતમાં 'મા'ના માતા–પિતા, જન્મભૂમિ–કપુરા તથા પૂ. યોગેશ્વર પ્રભુને હૃદયપૂર્વકના પ્રણામ–સહ રામકબીર. ▭



# સન્માનપત્ર

## પ. પૂ. જગદમ્બા સ્વરૂપ મા સર્વેશ્વરી

**નોંધ :** પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ભક્ત સમાજના શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત તરફથી ભારતમાં પ્રથમવાર સન્માન કરવામાં આવ્યું. આ પહેલાં ૧૯૮૮ માં લોસ એન્જેલેસમાં અમેરિકામાં વસતા ભક્તસમાજના તે વખતના પ્રમુખ શ્રી છગનભાઈ ભુલાભાઈ ભક્ત તરફથી પૂ. મા શ્રી સર્વેશ્વરીનું જાહેરમાં સન્માન કરવામાં આવેલું. એક તપસ્વી કે સંતનું સન્માન કરવાથી સમાજને તે વ્યક્તિના જીવનનાં કેટલાંય અજ્ઞાત પાસાંઓનો પરિચય મળી રહે છે, જેનાથી આખરે સમાજને તો લાભ જ થાય છે. જો કે તે વ્યક્તિને તેનું સન્માન થાય કે ન થાય તેનાથી કોઈ ફરક પડતો નથી. પૂ. માનું આખું સન્માન પત્ર અત્રે–વાંચકોના લાભ ખાતર મૂક્યું છે, તે વાંચકોને ગમશે. —તંત્રી

આપ ત્યાગને પંથે અમૃત સિદ્ધિને પામેલાં એક મહાન અજોડ મહિલા સંત છો એવું જાહેર કરતાં શ્રી રામકબીર ભક્ત સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. આપના પૂર્વાશ્રમના પવિત્ર અને ઉજ્જ્વળ ઇતિહાસથી અમે સહુ પરિચિત છીએ. આપ ગર્ભશ્રીમંત કુળમાં જન્મ્યાં હતાં. આપે ભણીગણીને સુરતની પ્રસિદ્ધ સાધના વિદ્યાલયના આચાર્ય પદે સેવા પણ આપી હતી. આપ ટ્રસ્ટના વહીવટકર્તાઓમાં તેમ જ વિદ્યાર્થીઓમાં પ્રેમાદર પામી ચુક્યાં હતાં. પ્રતિષ્ઠા અપાવે એવો ઊંચો મહત્ત્વનો મોભો તથા ધન સંપત્તિ બધું જ એક દિવસ પીળાં પાન ઝાડ પરથી ખરી પડે તેમ ખરી પડયું હતું અને આપે સર્વસ્વનો ત્યાગ કરી દૃઢ મનોબળથી પ્રકાશના પથ પર સફળતાપૂર્વક પ્રયાણ કર્યું હતું તે યાદ કરી અમારાં હૈયાં અહોભાવથી ઉભરાય છે.

આજે તો વિશ્વ વીસમી સદીના અંતકાળના સોનેરી સમયમાંથી પસાર

થઇ રહ્યું છે. આ સમય અવકાશ યુગ તરીકે પણ જાણીતો થયો છે. વિજ્ઞાન એની ચરમ સીમા પર પહોંચી ગયું છે. જાણે કે સમગ્ર સૃષ્ટિના સીમાડાઓ સાંકડા બનાવી દઇને માનવે વિશાળ બ્રહ્માંડની પરિક્રમા સહજ બનાવી છે. ગ્રહો ઉપગ્રહો પર તે પોતાનું પ્રભુત્વ જમાવતો થઇ ગયો છે. અવકાશમાં વિમાન ઘર બાંધી શકે એટલું સામર્થ્ય પ્રાપ્ત કરવામાં એવો તો આજે એ મશગૂલ છે કે જેને કારણે તે પોતાની જાત તરફ બેધ્યાન બની જવા પામ્યો છે. એટલું જ નહિ પણ ધીમે ધીમે ધર્મ તરફની તેની અનાસ્થા ટોચ પર પહોંચી ગઇ છે. તેવા વિષમ ને કપરા કાળે લોક સમુદાયની વચ્ચે વસીને આપે કરેલી ઉગ્રતમ તપશ્ચર્યા માનવજાતને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે.

ઇ. સ. ૧૯૮૪ ના ૧૮ માર્ચથી આપે ઉપવાસી જીવનનો પ્રારંભ કર્યો હતો અને આજ દિન સુધી ઉપવાસી જ રહ્યાં છો તે એક અસાધારણ ઘટના કહેવાય. વચમાં એક સો આઠ દિવસ પાણી પર રહીને આપે ભક્ત ધ્રુવની તપશ્ચર્યાને જાણે કે વાસ્તવિક ઠેરવી છે. નિર્જળા ઉપવાસો છતાં સ્વમુખે બુલંદ અવાજે રામાયણનું ગાન કરતાં કરતાં નવ નવ દિવસ સુધી અનેક વાર પારાયણ કરી આપે આપની અનન્યભક્તિનાં દર્શન કરાવ્યાં છે. અનેક વર્ષના ઉપવાસી શરીરે પણ પ્રભુ પ્રેમમાં મસ્ત બનીને નાચતાં કૂદતાં, સંકીર્તન કરતાં કરતાં આપ ચૌદ માઇલ પગપાળા ચાલી શકો છો, લાંબી યાત્રાનું કષ્ટ વેઠીને સ્વસ્થતાપૂર્વક આપ દક્ષિણ ભારતના પ્રસિદ્ધ જૈન તીર્થ બાહુબલિપુરમના સાતસો પગથિયાં વિના આયાસ ચઢી શકો છો, એટલું જ નહિ પણ ઉપર જઇને એક સો આઠ પ્રણામો કરી તીવ્ર ઝડપથી નીચે વિના તકલીફે ઊતરી શકો છો તે અમારે મન મોટી અજાયબી છે. ઉપવાસી શરીર સદૈવ શક્તિવંત થઇને લોકસંગ્રહનાં કાર્યો અર્થે દેશ વિદેશે વિચરણ કરતું રહે છે તે ઘટના દેહભાવ ટળી ગયા પછી આપની આત્મભાવમાં નિત્ય સ્થિતિ થઇ ગઇ છે તેનો જીવતો જાગતો પૂરવો છે.

ભારતની મહિલાનું કેટલું સામર્થ્ય હોય શકે તેનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ આપનું પવિત્ર જીવન છે. ત્યાગનો પંથ અગ્નિની જ્વાળા જેવો કઠિન ગણાયો છે, છતાં મહિલા સ્વરૂપે આપે ત્યાગના પથની સર્વોત્તમ ઉપલબ્ધિ



જોત જોતામાં ગુરુકૃપાથી પ્રાપ્ત કરી છે. સતી પાર્વતી જેવી ઉગ્ર તપશ્ચર્યા જંગલમાં જઇને નહિ, પણ જનસમૂહની વચ્ચે વસીને આ ઘોર કલિકાળમાં આપે કરી છે તે આપની અપૂર્વ મહાનતા છે. સદ્ગુરુ કબીર સાહેબની વાણી આપના દ્વારા ચરિતાર્થ થયેલી અમે સાક્ષાત્ જોઇ શકીએ છીએ. સદ્ગુરુ કબીર સાહેબ કહેતા કે પ્રત્યેક પંચમહાભૂતના આ દેહમાં પરમાત્મ તત્ત્વ રહેલું છે. પરંતુ તે સુષુપ્ત અવસ્થામાં હોય છે. તે જાગૃત થાય છે ત્યારે આપના જેવું જ કૌવત બતાવતું રહે છે. તમારી સુકલડી કાયામાં પરમાત્માની પરમ શક્તિ પ્રાદુર્ભાવ પામી કહેવાય તેથી તેને વંદન કર્યા વિના કોણ રહી શકશે?

આપ સદૈવ સ્વસ્થ રહો અને સમગ્ર સૃષ્ટિને લાંબા કાળ સુધી માર્ગદર્શન આપતાં રહો એવી મનોકામના સાથે અમે આપનાં ચરણોમાં વંદન કરીએ છીએ.

: ટ્રસ્ટી મંડળ :

| | |
|---|---|
| **વિનુભાઇ છોટુભાઇ ભક્ત** | **કરસનભાઇ લલ્લુભાઇ ભક્ત** |
| મેનેજિંગ ટ્રસ્ટી | પ્રમુખ તથા ટ્રસ્ટી |
| સ્થળ : વાવ, તા. ૬–૬–૯૨ | **શ્રી રામકબીર ભક્તસમાજ.** |

**જયંતીભાઇ ગોપાળજી ભક્ત,**
**ડાહ્યાભાઇ સીતારામભાઇ ભક્ત,**
**ગુણવંતભાઇ પ્રભુભાઇ ભક્ત.**

# અદંડનીય માફી

ગીતાબેન ડી. લાડ, કેનેડા

**નોંધ :** શ્રીમતી ગીતાબેન ડાહ્યાભાઈ લાડ (કેનેડા) એ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પ્રેમાળ ને ભાવિક ભક્ત છે. તેઓમાં ભાવ અને શ્રદ્ધા પણ ઘણાં છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે, એટલે જ તેઓને પરદેશમાં વસવા છતાં પૂ. માને પોતાના સાથી કે મિત્ર બનાવવાનો વિચાર આવ્યો.

પરદેશોમાં ટ્રાફીકના નિયમનો બહુ ચુસ્ત હોય છે. તેના ભંગનો દંડ પણ ભારે થતો હોય છે. એથી એ નિયમોનું પાલન દરેક નાગરિક કાળજીપૂર્વક કરે છે; કારણ કે જો દંડ થાય અને લાયસન્સ રદ થાય તો ખાસ કરી, અમેરિકા ને કેનેડામાં નોકરી પર પહોંચવું મુશ્કેલ બની જાય છે. એથી જ તેઓને જેટલી કમાતી વ્યક્તિઓ હોય એટલાં અલગ અલગ વાહન રાખવાં પડે છે. આ સંદર્ભમાં શ્રી ગીતાબેનનો આ લેખ વાંચવા વિનંતી છે.

—તંત્રી

પૂ. માનો સૌથી પરિચય મને ૧૯૮૮ માં થયો. ત્યારથી પૂ. માની અલૌકિક શક્તિના અનુભવો મારા જીવનમાં થતા રહ્યા છે. પૂ. માએ એક દિવસ કહ્યું હતું, "હું તારી પાસે છું. હું તારી સાથે છું. તું મને જોવા ક્યાં પ્રયત્ન કરે છે?" પૂ. મા તો પ્રત્યક્ષ પ્રભુ એટલે બધી ખબર પડે. પરંતુ મારા જેવીને પૂ. માની દિવ્યશક્તિનો ખ્યાલ ક્યાંથી આવે? જે હોય તે. પરંતુ પૂ. મા જ્યારથી મારા જીવનમાં આવ્યાં ત્યારથી હું એમને માનવરૂપે લીલા કરતા પ્રત્યક્ષ



સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ માનું છું.

હું જ્યાં કામ કરું છું, તે સ્થળ બદલાયું એટલે મારે લગભગ ૫૦ કિલોમિટર દૂર કામે જવાનું બન્યું અને મારે કાર લઈને જ જવાનું બન્યું. ડ્રાઈવીંગ કરીને જવાનું એટલે મને ઘણી ચિંતા થાય. બે ત્રણ જણાંને ગાઈડ માટે પૂછ્યું, પરંતુ બધાએ ના પાડી. ત્યારે મને થયું શા માટે બીજાને કાલાવાલા કરવા? પ્રભુને જ કેમ નહિ મિત્ર બનાવીએ? એટલે જ્યારથી મેં નવા કામ ઉપર જવાની શરૂઆત કરી, ત્યારથી મેં મારા મિત્ર રૂપે મારી સાથેની સીટ ઉપર પૂ. મા–પ્રભુની તસ્વીર રાખી પ્રભુને પ્રાર્થના કરું હે પ્રભુ!

"છે સારથિ પદ સોંપ્યું તમને, પછી ચિંતા થાય જરાયે નહિ,
રથ સર્વ સમર્પ્યો છે તમને, પછી ચિંતા થાય જરાયે નહિ."

પ્રભુને જ સારથિપદ સોંપી હું જ્યાં જવાનું હોય ત્યાં જાઉં. એક દિવસ એવું બન્યું કે રાત્રે કામ ઉપરથી ઘરે આવતી હતી. બે ત્રણ કિલોમીટર ડ્રાઈવીંગ કર્યું એટલે ટ્રાફીક લાઈટ આવી. ટ્રાફીક લાઈટ રેડ થઈ ગઈ. મને થયું નીકળી જવાશે. એટલે હું સ્પીડ કરી રેડ લાઈટમાંથી પસાર થઈ ગઈ! સામેની સાઈડે પોલીસ હતો તે મેં જ્યારે ટ્રાફીક લાઈટ પાસેથી પસાર થઈ ત્યારે જોયો. મને થયું કે હવે નક્કી મારી પાછળ આવશે. મને ખરેખર બે મિનિટમાં જ રેડની ગ્રીન લાઈટ થતાં એ મારી પાછળ રેડ લાઈટ આપી આવ્યો. આથી મેં મારી કાર સાઈડ ઉપર ઉભી રાખી. કાર ઉભી રાખતાં જ પોલીસ મારી પાસે આવ્યો, અને મને કહ્યું હાય મેમ? મે તેને હાય કહ્યું. પછી મને કહ્યું તમે શું ભૂલ કરી તે તમને ખબર છે? મેં કહ્યું, "હા. મારે કાર ટ્રાફીક લાઈટ પાસે

ઉભી રાખવી જોઇએ, પરંતુ મેં ઉભી ન રાખી અને હું પાસ થઇ ગઇ! એણે મારી સાથે અંગ્રેજીમાં જ વાત કરી. પછી મને કહ્યું, "તમારું લાયસન્સ અને કારની ઓનરસીપ આપો. એટલે મેં એને મારું લાયસન્સ આપ્યું. તેમાં એક બાજુ પૂ. માનું સ્વરૂપ અને બીજી બાજુ કારના લાયસન્સનો કાર્ડ. આમ પૂ. માના સ્વરૂપની સાથે જ મેં એને લાયસન્સકાર્ડ આપી દીધો. ત્યાર પછી પોલીસમેન એની કારમાં ગયો. મને થયું હવે દંડની ટીકીટ લખશે અને ત્યારબાદ મારી પાસે આવશે. પોલીસ જ્યારે એની કારમાં ગયો ત્યારે મેં પ્રભુને જ પ્રાર્થના કરી "હે પ્રભુ! જેવી તમારી કૃપા. મને તો એટલી જ ચિંતા કે વગર લેવેદેવે ૮૦ ડોલર પોલીસને મારે આપવા પડશે! અને લાયસન્સના ત્રણ પૉઇન્ટ કપાય તે જુદા."

એટલે પ્રભુને જ પ્રાર્થના કરી. "હે પ્રભુ, તમે બચાવજો." એવા વિચારો સાથે પ્રાર્થના કરી કારમાં બેસી રહી. ત્યાં પાંચ મિનિટ બાદ પોલીસ એની કારમાંથી આવ્યો. મને કહ્યું, "હાય મેમ, હું તને તારી ભૂલ છતાં ટીકીટ (દંડ) આપતો નથી. તું સહીસલામત ડ્રાઇવ કરી ઘરે જા. ગુડ નાઇટ!" આટલું કહી પોલીસ જતો રહ્યો. મારી આંખોમાંથી સતત અશ્રુપ્રવાહ વહેવા માંડયો. પૂ. મા પ્રભુનું સ્મરણ કરતાં કરતાં કહ્યું, "પ્રભુ! કેવી અદ્દભુત સહાય તમે મને આજે કરી!" મારા મનમાં વિચારો આવ્યા કે પૂ. માની તસ્વીરે પોલીસના મનમાં કેવું અદ્દભુત પરિવર્તન કર્યું? કારણ એક વખત ગમે તેવી નાની મોટી ભૂલ કરે તો પોલીસ ટીકીટ આપ્યા વિના જવા જ નહિ દે. પ્રભુની અગણિત શક્તિ શું નથી કરી શકતી? મા પ્રભુ માટે તો કશું જ અશક્ય નથી. પોલીસના ગયા બાદ પાંચ મિનિટ હું ત્યાંજ ઉભી



રહી અને ત્યાર બાદ રાત્રે લગભગ ૧૨ વાગે ઘરે આવી. ઘરે આવી પ્રભુને પ્રણામ કર્યાં. કહ્યું, "હે પ્રભુ, સદાયે મિત્ર બની સર્વ પ્રકારે મારી રક્ષા કરજો."

"જ્યારે જ્યાં જ્યાં મળવા માગું,<br>
ત્યાં ત્યાં તું પ્રગટજે.<br>
દૈવી શાશ્વત સાથ તું દેજે.<br>
સાચો મિત્ર બની...મારો સાચો મિત્ર તું બનજે.

પૂ. મા પ્રભુએ મિત્ર બની સર્વ પ્રકારે મારી રક્ષા કરી ત્યારથી મને પ્રત્યક્ષ અનુભવ થયો કે પૂ. માની તસ્વીર એ તસ્વીર નથી પરંતુ જીવતું–જાગતું, હાલતું–ચાલતું માર્ગદર્શન આપતું પ્રત્યક્ષ સ્વરૂપ છે. ખરેખર પ્રભુની લીલાને આપણે શું જાણી શકીએ? પ્રભુને એટલી જ પ્રાર્થના કરીએ કે હે પ્રભુ સદાયે અમારી સાથે જ રહેજો. અમારી પાસે જ રહેજો.

## સદ્દભાવભરી સહાય

અધ્યાત્મને પ્રભુકૃપાથી સદ્દભાવભરી સહાય મળતી જ રહે છે. તેમાં પણ પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપા જ કારણભૂત છે. છેલ્લા એક માસમાં મળેલી કુલ સહાયનો આંકડો રૂા. ૨૦૦૬ છે. સહાય મોકલનાર સહુને અભિનંદન.

—તંત્રી

# સંત શ્રી યોગેશ્વરજીનું ચિંતન-નવનીત

મહેન્દ્ર ઈ. પંડ્યા

દૂધનું સત્ત્વ નવનીત-માખણ હોય છે તે જ પ્રમાણે ભારતીય સંસ્કૃતિનું નવનીત તત્ત્વજ્ઞાન છે. જ્ઞાનના વિવિધ પ્રકારોમાં પણ જે જ્ઞાન વિશ્વની ઉત્પત્તિ અને માનવીના અસ્તિત્વ પર પ્રકાશ ફેંકે છે, તત્સંબંધી ગહનચિંતનાત્મક વિવરણ કરે છે, વિશ્વનું સર્જન અને માનવીના અસ્તિત્વ અને વિકાસને સમજાવવા પ્રયાસ કરે છે એજ સાચું તત્ત્વજ્ઞાન છે. માનવ મન અને જીવનની વિવિધ પ્રક્રિયાઓનું વિશ્લેષણ કરે છે, અને માનવજીવનના સંકુલ વ્યવહારો વચ્ચે જીવનને-માનવીને-યોગ્ય રાહનું દિશાસૂચન કરે છે, એવું તત્ત્વજ્ઞાન હિન્દુધર્મમાં વેદથી આરંભી ઉપનિષદો વગેરે-માં વ્યક્ત થએલું છે, અને જુદા જુદા સમયે જુદા જુદા સંપ્ર-દાયોના દાર્શનિકો, દૃષ્ટાઓ, ઋષિમુનિઓ વગેરે દ્વારા પુરાણ-કાળથી માનવસમાજ સમક્ષ વિવિધ સ્વરૂપે રજુ થયું છે. એજ તત્ત્વજ્ઞાનને માનવસમાજની સામાન્ય સંસારી વ્યક્તિઓ સમજી શકે એ માટે આપણા ભારતીય સંસ્કૃતિના સર્વમાન્ય સિદ્ધાંતોપર ભારતની વિવિધ ભાષાઓમાં જુદા જુદા સંતો દ્વારા લોકભોગ્ય વક્તવ્યો તથા પુસ્તકોદ્વારા પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. ગુજરાતી ભાષામાં પણ આ પરંપરાનો આરંભ નરસિંહ મહેતાથી થયો છે, અને એને નામી-અનામી અનેક સંતો અનુસર્યા છે. આ પરંપરા અનુસાર શ્રી યોગેશ્વરજીએ પણ પોતાના જીવનકાળ દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનને પોતાની વિશિષ્ટ રીતે કાવ્યો



ભજનો, નવલકથાઓ તથા ચિંતનપ્રધાન લેખો, વ્યાખ્યાનો વગેરે દ્વારા જનસમુદાય સમક્ષ સરળતાથી રજુ કર્યું છે. વિવિધ પુસ્તકોમાં સમાયેલા અને વિખરાયેલા આ વિસ્તૃત ચિંતનને અર્વાચીન સમયને અનુરૂપ બનાવવા માટે મા સર્વેશ્વરી તથા સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટે આ સર્વ તત્ત્વજ્ઞાનને વિવિધ વિષય પ્રમાણે ચાર વિભાગમાં વહેંચી નાખ્યું છે. પ્રત્યેક વિભાગ માટે લગભગ ૧૦૦-૧૨૫ પાનાંની ખીસામાં રાખીને પોતાને અનુકૂળ સમયે અને સ્થળે એનું અધ્યયન-પરિશીલન, મનન કરી શકાય એ હેતુથી એવી ચાર પુસ્તિકાઓનું નિર્માણ કર્યું છે.

આ ચાર પુસ્તિકાઓમાં માનવ અસ્તિત્વને સ્પર્શતા અને માનવજીવનનાં વ્યાપક પ્રશ્નો સંબંધી, ભારતીય તત્ત્વજ્ઞાનનાં વિવિધ અંગો સંબંધી વિચારોને સંક્ષેપમાં રજુ કરવામાં આવ્યા છે. એ ચારે પુસ્તિકાના સંપુટને 'પરબડી' શીર્ષક આપવામાં આવ્યું છે. એ શીર્ષક સાર્થક છે, કારણ કે ગ્રીષ્મના બળબળતા બપોરે પણ પરબનાં શીતળ જળ માનવીની તૃષાને છીપાવે છે, અને એને શાતા અર્પે છે તેમ આ પુસ્તિકાઓ દ્વારા સંસારસંતપ્ત વ્યક્તિની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરવાનો તથા એને જીવનમાં શાંતિ પ્રાપ્ત કરવાનો સરળ રાહ ચીંધવાનો આ પ્રયાસ છે, એ સ્પષ્ટ થાય છે. પુસ્તિકાઓના વિષય અનુક્રમે (૧) જીવન (૨) ભક્ત અને ભગવાન (૩) પ્રાર્થના અને ઈશ્વરસ્મરણ (૪) ગીતાનાં સાર વચનો.

શ્રી સર્વેશ્વરી માના પુસ્તિકાઓના આરંભમાંના નિવેદન પ્રમાણે આ પરબડી ગાગરમાં સાગરને સમાવવાનો નમ્ર પ્રયાસ છે. સાગરના વિશાળ વારિસમૂહનાં શામક તત્ત્વો ગાગરના નાનકડા જળસંચયમાં પણ હોય એ સ્વાભાવિક છે, અને એ

ભાવિકને સાગરની વિશાળતા, શામક શક્તિ અને ગહનતાનો પરિચય આપી શકે અને માનવમનને એ વિષયની ચિંતનાત્મક ભૂમિકા પર લઈ જઈ શકે તો એ પ્રયાસમાં પણ શ્રમનું સાફલ્ય સમાયેલું છે. આ પુસ્તિકાઓમાં શ્રી યોગેશ્વરજીનાં વિવિધ પુસ્તકોમાંથી સંકલિત કરેલાં ઉપર્યુક્ત વિષયોપરનાં ચિંતનનો નિષ્કર્ષ છે. એમના સમગ્ર ચિંતનનું નવનીત છે.

આજના ગતિશીલ જમાનામાં ભૌતિક સુખ સગવડો હોવા છતાં આબાલવૃદ્ધ સૌ સમયની ખેંચ અનુભવે છે, અને એથી વ્યક્તિના જીવનમાં કોઈપણ પ્રકારના ગંભીર ચિંતનનો અભાવ પ્રવર્તે છે, જે કાંઈ થોડો પણ સમયનો અવકાશ મળે છે તે પણ મનની તનાવપૂર્ણ સ્થિતિમાંથી રાહત મેળવવા સૌ કોઈ પણ પ્રકારના આનંદ પ્રમોદ, હળવા મનોરંજન અથવા આરામને નામે આળસમાં સમય વ્યતીત કરે છે. આવા વાતાવરણમાં જીવનનો હેતુ, જીવનનું ધ્યેય, માનવજીવનનાં મૂલ્યો, સમયનો વિવેકપૂર્ણ સદુપયોગ વગેરે ગંભીર વિષયો વિશે ચિંતનનો સંભવ જ ક્યાંથી હોય? આ નાનકડી પુસ્તિકા–પરબડી (ભાગ ૧)નો વિષય છે જીવન અને જીવનનાં વિવિધ પાસાંઓ અંગે ભાવિકને વિચાર કરવા પ્રેરે છે. પ્રથમ તો શ્રી યોગેશ્વરજી જીવનનો અર્થ સમજાવે છે. જીવન એટલે ફક્ત અસ્તિત્વ જ નહિ પરંતુ એથી કાંઈક વિશેષ છે એમ પ્રતિપાદન કરે છે.

વળી વિશ્વનાં–સૃષ્ટિનાં અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યજીવન વિશિષ્ટ છે કારણકે પ્રભુએ માનવીને અન્ય પ્રાણીઓમાં જે નથી એવી બુદ્ધિ, લાગણી અને વિવેકપૂર્ણ કર્મની સભાનતા જેવી શક્તિઓ બક્ષેલી છે. આ સર્વથી માનવજીવન હેતુલક્ષી બની શકે છે. એ ધ્યેય પ્રતિ માનવી પોતાના સભાન વિવેકપૂર્ણ પ્રયત્નો દ્વારા



પ્રગતિ કરી શકે છે. આમ શ્રી યોગેશ્વરજી પાછળનાં પ્રકરણોની ભૂમિકા તૈયાર કરે છે, પછી એ જીવનનું મૂલ્ય અને મહત્ત્વ સમજાવે છે, અને સામાન્ય રીતે માનવી જીવનની મૂલ્યવાન્ ક્ષણોની જે બરબાદી કરે છે તે તરફ ધ્યાન ખેંચે છે. જીવન જીવવાની પણ કલા છે, પણ એ જો માનવી પોતાના જીવનમાં પ્રયોજન અને ધ્યેય સંબંધી વિચારણા કરે તો જ. શ્રી યોગેશ્વરજી પછી એ જીવનને અમૃતમય એટલે કે સાદી ભાષામાં સુખી સમૃદ્ધ, વિવેકપૂર્ણ અને સંસારને ઉપકારક બનાવવા ચિંતન, સાધના વગેરે દ્વારા માત્ર ભૌતિક દૃષ્ટિથી જ નહિં, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિથી પણ જીવનમાં પૂર્ણતા પ્રતિ પ્રેરતા વિવિધ અંગોની, વિવિધ આવશ્યકતાઓની ચર્ચા કરે છે. માનવજીવન એક આશિર્વાદ છે, કારણ એમાં અન્ય યોનિઓ કરતાં આત્મોન્નતિમાટે વધારે તક રહેલી છે, અને એમાં પણ જીવનમાં ભોગપ્રધાનતા કરતાં ત્યાગ, જનસેવા વગેરેનું મહત્ત્વ સમજાવે છે. આ સર્વ ચર્ચામાં શ્રી યોગેશ્વરજી સંત અને તત્ત્વજ્ઞાની હોવા છતાં સંસારી ભૌતિક જીવનની ઉપેક્ષા કરતા નથી કે સંસારની ફરજો પ્રત્યે આંખમિચાંમણાં કરતા નથી. સમાજમાં મુખ્યત્વે સંસારીજનો હોય છે, અને એ સર્વને માટે સંસારની ફરજો, સંબંધો, વ્યવહારો, અર્થપ્રાપ્તિ વગેરે પણ સુખી અને સંપૂર્ણ જીવન માટે જરૂરી છે, પરંતુ એ સર્વ પાછળ પણ પોતાના જીવનના ધ્યેયને–આત્મોન્નતિને વીસારી દેવી ના જોઈએ. એમના પોતાના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો એમણે સંસારમાં પ્રવેશ કર્યો ના હોવા છતાં સંસારની મૂળભૂત ફરજોની ઉપેક્ષા કરી નથી. પોતે પણ એક પુત્ર હતા, અને એથી પોતાની માતા શ્રી જ્યોતિર્મયીની પ્રેમપૂર્વક નિષ્ઠાથી અંતિમદિન સુધી સ્વહસ્તે સેવા સુશ્રુષા કરીને

યોગ અને ત્યાગ સાથે પણ સંસારના કર્તવ્યપાલનનું જે દૃષ્ટાંત રજુ કર્યું છે એથી ઉત્તમ દૃષ્ટાંત બીજું કયું હોઈ શકે? જીવનનમાં અર્થોપાર્જન, અને કુટુંબ તથા સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્યના સંપૂર્ણભાન અને પાલન સાથે વ્યક્તિ વિવેકપૂર્ણ જીવન વ્યવહાર દ્વારા દેહ, મન, અને આત્માની ઉન્નતિના સરળ અને સહજ ઉપાયોની સરળભાષામાં આ પુસ્તિકામાં જે ચર્ચા કરી છે તે વિચારક ભાવકને માટે ચિંતનપ્રેરક છે, અને સંતનાં મંતવ્યો, વિચારો હોવા છતાં સંસારીને પણ ઉપકારક અને વ્યક્તિના સર્વાંગી વિકાસને માટે માર્ગદર્શક છે. આ પુસ્તિકામાં જીવન-વિષયક એવાં કેટલાંય ચિંતનપ્રેરક સુવાક્યો છે જેનું મનન, પરિશીલન વ્યક્તિને જીવનમાં ડગલે અને પગલે સચેત, જાગ્રત અને સાવધ રહેવા પ્રેરે છે અને પ્રેમની સાથે જીવનના અંતિમ લક્ષ્ય શ્રેયને માર્ગે દોરે છે.

બીજી પુસ્તિકાનો વિષય છે ભક્ત અને ભગવાન અને ત્રીજી પુસ્તિકાનો વિષય છે પ્રાર્થના અને ઈશ્વરસ્મરણ. બન્ને પુસ્તિકાઓ જુદી હોવા છતાં એ બંનેની વિચારધારાનો મૂળ આધાર છે માનવમનની શ્રદ્ધા, પ્રથમ પુસ્તિકામાં જીવ અને જીવનના અસ્તિત્વનો સ્વીકાર છે તો આ પુસ્તિકાઓમાં શિવતત્ત્વ અથવા માનવબુદ્ધિ, શક્તિ તથા ભૌતિક મર્યાદાઓથી પર એવી કોઈ પરા-શક્તિ, પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર છે, અને એ પરમતત્ત્વને પામવાની માનવીની વૃત્તિ, શક્તિ અને પ્રયાસોની ચર્ચા છે. આમ શ્રદ્ધા અને શ્રદ્ધાના પ્રતીક સમા ભગવાન, ઈશ્વર, પરમાત્મા કે નિર્ગુણ, નિરાકાર, નિરંજન હોવા છતાં બ્રહ્મના અસ્તિત્વના સ્વીકાર અને એમાં અચલ શ્રદ્ધા વિના માનવી કદી આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે નહિં. એને માટે વ્યક્તિમાં ચિંતન–મનન–



અંતર્મુખતા એ અનિવાર્ય આવશ્યકતાઓ છે. શ્રી યોગેશ્વરજીની ભક્તની વ્યાખ્યા પણ વિશાળ અર્થમાં છે, અને એ ભક્ત પણ સંન્યાસી હોય કે સંસારી પરંતુ માનવી તરીકે તો એ આદર્શમાનવ જ હોવા જોઈએ, એને માટે માત્ર બાહ્યાચાર જ પર્યાપ્ત નથી, પરંતુ અંતરશુદ્ધિ–નિર્મળતા પણ જરૂરી છે. અહીં 'સરસ્વતીચંદ્ર'-ના લેખક સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીની પંક્તિઓ યાદ આવે છે.

"મતિ, કૃતિ, વાણી જો કલ્યાણી, તો પૂજાદિક ભૂષણ છે,
મતિ, કૃતિ, વાણી નહિં કલ્યાણી, તો સહુ દાંભિક દૂષણ છે."

આમ માનવી મન, વચન, અને કર્મથી જો કલ્યાણના પોતાના અને અન્યના–માર્ગે ના વળે તો બાહ્યાચાર, પૂજા, ભજન, કીર્તન વગેરે દંભ જ છે. શ્રી યોગેશ્વરજીના શબ્દોમાં "આપણે શુદ્ધ બનતાં, સદાચારી અથવા સત્કર્મપરાયણ થતાં અને સંવેદનશીલ બનતાં શીખવાનું છે...સૌને સુખશાંતિ પહોંચાડવા તથા ઉપયોગી થવા તૈયાર રહેવાનું છે...ભક્ત બનવું એનો અર્થ માનવ મટી જવું એવો નથી થતો પરંતુ આદર્શ માનવ બનવું એમ થાય છે "આમ ભક્ત અને ભક્તિ વિશાળ અર્થમાં માનવસેવા જ છે. પરમાત્માની વ્યાપકતા સમજનાર ભક્ત ફક્ત માનવીમાં જ નહિં પરંતુ પ્રત્યેક જીવમાં, સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં પ્રભુના જ દર્શન કરે છે, પ્રત્યેક જીવ એ પ્રભુનો અંશ જ છે એમ માને છે, અને એ રીતે પ્રત્યેક જીવની, પ્રાણીમાત્રની અને માનવીની સેવામાં તત્પર રહે છે, એને સુખશાંતિ આપી શકાય એવી જ પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. આમ શ્રી યોગેશ્વરજી ફક્ત પોતાના જ આત્માના ઉદ્ધાર માટેની નિષ્ક્રિય ભક્તિમાં જ સંતોષ માનતા નથી, પરંતુ સક્રિય ભક્તિપૂર્ણ માનવસેવાની પ્રવૃત્તિ કરવામાં માને છે અને એ માટે આ પુસ્તિકા દ્વારા પ્રેરણા આપે છે. શ્રી યોગેશ્વરજીના મતે

'માતા' એ નિતાન્ત અને નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતિક છે, અને એટલે જ પછીના પ્રકરણમાં એ ભગવાનને માતા સ્વરૂપે ઉપાસે છે. જેમ માતા બાળકનું સદૈવ રક્ષણ કરે છે, એના સુખશાંતિ માટે ચિંતિત રહે છે, અને પોતાના સંતાનનું કદીય અહિત થવા જ ના દે એ રીતે ભગવાન પણ માતાના સ્વરૂપે માનવીના જીવનમાં વ્યાપી રહે છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યજીના 'અપરાધાષ્ટકમ્'માં નિર્દેશ કર્યા પ્રમાણે **'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति।'** એ સત્યનું શ્રી યોગેશ્વરજી પણ પ્રતિપાદન કરે છે. આમાં પણ આવશ્યકતા છે માનવીની એ પરમતત્ત્વમાં અચલ અટલ શ્રદ્ધાની જીવનના વિષમ સંયોગોમાં પણ જે માનવી પ્રભુમાં—આ પરમ શક્તિમાં શ્રદ્ધાનો ત્યાગ નથી કરતો તેનું કદી અહિત થતું નથી. શ્રદ્ધાળુ જનોના ઉદ્‌ગાર સર્વ સંયોગોમાં "પ્રભુ કરે તે સારા માટે" હોય છે, અને એ માન્યતા પાછળ પણ માનવીની શ્રદ્ધાનાં જ દર્શન થાય છે. સંસારી વ્યક્તિના દૃષ્ટિબિંદુથી જે પ્રશ્ન સ્વાભાવિક છે એ જ રીતે શ્રી યોગેશ્વરજી પણ પ્રશ્ન કરે છે કે કોઇને સુખ અને કોઇને દુઃખ આપનાર પ્રભુ શું પક્ષપાતી છે? અને પોતે જ એ પ્રશ્નના સમાધાન જેવો ઉત્તર પણ આપે છે કે પ્રભુ તો સમદર્શી છે, પરંતુ વ્યક્તિની પ્રભુમાં શ્રદ્ધા તથા પુરુષાર્થ પણ માનવજીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. શ્રી કૃષ્ણ ભગવાન ભગવદ્‌ગીતામાં પણ આજ પ્રમાણે કહે છે. શ્રી યોગેશ્વરજી નદીની ઉપમાદ્વારા સમજાવે છે કે નદી તો એના નિશ્ચિત માર્ગે વહી જાય છે, પરંતુ જે વ્યક્તિ નદીની પાસે જઇને જળપાન કરે છે તે તૃપ્તિનો અનુભવ કરે છે. નદી કિનારે બેઠેલા આળસુ પ્રમાદીને સામે જઇને જળપાન કરાવતી નથી. આમ જે વ્યક્તિ શ્રદ્ધા અને ભક્તિદ્વારા પ્રભુની સમીપ જવા પુરુષાર્થ કરે છે, પ્રભુએ બક્ષેલી



માનવસુલભ શક્તિઓ, વિચારશીલતા, સંવેદનશીલતા અને કર્તવ્ય ભાવનાપૂર્વક કર્મ કરવા પ્રયાસ કરે છે, તેને પ્રભુની કૃપાની પ્રાપ્તિ થાય છે, એ નિર્વિચાર છે પ્રભુકૃપાની પ્રાપ્તિ માટે ભગવાને માનવી સમક્ષ વિવિધ માર્ગો દર્શાવ્યા છે. જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મ જેમ જગતના વિવિધ સંપ્રદાયો એક જ પરમાત્મા—પછી ગમે તે નામે એને પુકારો. પ્રત્યેક માનવીને દોરે છે તેમ માનવી પોતાને અનુકૂળ માર્ગે પ્રભુની સન્મુખ જઇ શકે છે, આત્મોન્નતિ સાધે છે અને જીવનમાં શાંતિ અને અંતે પરમશાંતિ પામે છે. પ્રભુએ અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યને વિશિષ્ટ શક્તિઓ પ્રદાન કરી છે, પરંતુ એ શક્તિઓના વિચાર, વાણી અને વર્તનમાં વિનિયોગ ના થાય તો એને માટે વ્યક્તિ પોતે જ દોષિત અથવા જવાબદાર છે, અને નહિં કે પરમકૃપાળુ પરમાત્મા. આમ સદ્‌વર્તન, સદાચાર, પ્રાણી-માત્ર પ્રત્યે અનુકંપા માનવસેવા, પ્રભુમાં અટલ શ્રદ્ધા, તથા અંત-ર્મુખતાનું શ્રી યોગેશ્વરજી આ પુસ્તિકામાં સમર્થન કરે છે. અંતમાં શ્રી યોગેશ્વરજીની માતૃભક્તિ આ પુસ્તિકામાં ઝળકી ઉઠે છે, જેનું શ્રી યોગેશ્વરજીની પોતાની માતા જ્યોતિર્મયી મા પ્રત્યેની માતૃ-ભક્તિનું જીવંત પ્રતિબિંબ છે.

'પ્રાર્થના અને ઈશ્વરસ્મરણ'માં પણ શ્રી યોગેશ્વરજી આ જ ભૂમિકા પર પોતાની વિચારધારા વહાવે છે, અને પ્રભુપ્રાપ્તિમાં સાધનરૂપ પ્રાર્થના અને ઈશ્વરસ્મરણના માનવજીવનમાં સ્થાન અને મહત્ત્વ વિશે વિસ્તૃત ચર્ચા કરે છે, પરંતુ એ માટે પણ માનવીના મનમાં રહેલી પ્રભુપ્રત્યેની અચલ શ્રદ્ધા જ એને એ માર્ગે પ્રવૃત્ત કરી શકે છે. આમ પ્રાર્થનાદ્વારા માનવી પોતાના મનમાંના ભાવોને વ્યક્ત કરી શકે છે. પ્રાર્થના એ માનવીની બુદ્ધિનો વિષય નથી, પરંતુ એ માનવીના ભાવજગતને સ્પર્શે છે,

એને અંતર્મુખ બનાવી તેની સંવેદનશીલતાને જગાવે છે, અને એ દ્વારા જ ભક્ત ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચી પરમાત્મા સાથે અદ્વૈતની અનુભૂતિ કરી શકે, નરસિંહ, મીરાં, ભક્ત તુલસીદાસ, સુરદાસ વગેરે આ પ્રકારનાં ભક્તિનાં ઉત્તમ દૃષ્ટાંતો છે, જ્યાં ભક્ત પોતાના ભૌતિક સ્વત્વનો લોપ થતાં પ્રભુમય બની જાય છે. પ્રાર્થનાનું ધ્યેય પ્રભુપ્રાપ્તિ–પ્રભુ સાથે અદ્વૈતની અનુભૂતિ હોવી જોઈએ પણ સર્વ સંસારી માટે એ શક્ય નથી. સંસારીની ભક્તિ સકામ પણ હોઇ શકે, પ્રભુ પાસે પ્રાર્થનાદ્વારા ફળની અપેક્ષા રાખવી એ અનુચિત નથી, પરંતુ પ્રાર્થના માટે પ્રભુ પ્રત્યેની અચળ શ્રદ્ધા, ધીરજ, વગેરે તો આવશ્યક છે જ. શુદ્ધ હૃદયની પ્રાર્થનાનો પ્રભુ અસ્વીકાર તો કરે જ નહીં, એનાં દૃષ્ટાંતો તો ભક્તોના જીવનચરિત્રમાં સ્થળે સ્થળે વેરાયેલાં છે, પંરતુ એની પાછળનું બળ તો શ્રદ્ધા, ધીરજ જ છે. પ્રતિકૂળ સંયોગોમાં પણ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા ડગવી ના જોઈએ, કે પ્રભુ–ભક્ત કદી નિષ્ફળતાથી પણ નિરાશ ન થતાં પ્રભુશ્રદ્ધાથી ભક્તિમાં મગ્ન રહે છે, અને પ્રભુ ઇચ્છા માનીને સમાધાન મેળવે છે. પ્રાર્થના અને ઈશ્વર–સ્મરણ એ માનવીની માનસિક પ્રવૃત્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે કે **"यज्ञानाम् जपयज्ञोस्मि।"** "યજ્ઞોમાં જપયજ્ઞ હું છું." સર્વને માટે યજ્ઞની શાસ્ત્રોક્ત અને જટીલ ક્રિયા સંસારમાં વ્યસ્ત માનવી માટે શક્ય નથી, પરંતુ જપ અથવા ઈશ્વરસ્મરણમાં આવી કોઇ ક્રિયાની આવશ્યકતા નથી, જપમાં કે ઈશ્વરસ્મરણમાં શાંતિ, એકાન્ત, વાતાવરણ વગેરે વધારે અનુકૂળ રહે, પરંતુ એ મુખ્યત્વે માનસિક પ્રક્રિયા છે, અને પરમાત્મા સન્મુખ હોવાની અનુભૂતિ, પ્રભુમાં અચલ શ્રદ્ધા, માનસિક એકાગ્રતા અને ઉત્કટતા વગેરે હોય તો એ પ્રવૃત્તિમા બાહ્ય



જીવનના અવરોધોને અવકાશ ન રહેવો જોઇએ. આ પ્રવૃત્તિ જેટલે અંશે જીવનનું અવિભાજ્ય અંગ બની રહે તેટલે અંશે વ્યક્તિ વધારે સફળતા પ્રાપ્ત કરે છે. હરતાં ફરતાં, ચાલતાં બેસતાં વગેરે જીવનની રોજીંદી પ્રવૃત્તિઓ વચ્ચે પણ માનવી ઈશ્વરનું સ્મરણ તો સતત કરી જ શકે છે, એનો મને પ્રત્યક્ષ અનુભવ છે.

થોડાં વર્ષો પહેલાં ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં એક વિદેશી ભક્ત સાથે તત્ત્વચર્ચામાં એણે પણ એજ પ્રકારની ઉપાસનાનું સમર્થન કર્યું હતું કે "આપણે અત્યારે આ ચર્ચા કરી રહ્યા છીએ પરંતુ એ દરમિયાન પણ મારા મનમાં તો "ૐ શિવાનંદાય નમઃ"નું રટણ ચાલુ જ છે અને દિવસ કે રાત્રિના કોઈપણ સમયે હું આંખ મીચું અને શિવાનંદજી મારી સન્મુખ ઉપસ્થિત છે એમ હું અનુભવી શકું છું. તમે પણ અભ્યાસથી અને મનની નિશ્ચલતાથી આ પામી શકશો. ત્યારપછી મેં પણ આ પ્રકારનો અનુભવ કર્યો છે જોકે એની વિગતો અહીં અપ્રસ્તુત છે. તાત્પર્ય એ જ કે પ્રાર્થના અને ઈશ્વર સ્મરણને સ્થળ કે કાળનાં બંધન નડતાં નથી. એને માટે તો શ્રદ્ધા, માનસિક સ્વસ્થતા, શાંતિ, મનની એકાગ્રતા અને નિશ્ચલતા એજ મૂળભૂત આવશ્યકતાઓ છે. પ્રભુને ચરણે સર્વસમર્પણભાવને માટે આ સર્વ સહજ છે, અને એ દ્વારા જ માનવજીવનની વિષમતાઓ અને સંઘર્ષ વચ્ચે પણ માનવી શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કરી શકે છે, માનસિક સંતુલન જાળવી શકે છે અને સંસારમાં વિવેકપૂર્ણ વ્યવહાર રાખી શકે છે, આમ વ્યક્તિ પ્રાર્થના, ઈશ્વરસ્મરણથી પ્રાપ્ત થતી શાંતિ અને સ્વસ્થતા માત્ર આધ્યાત્મિક દૃષ્ટિથી જ નહિ પરંતુ માનવજીવનની ભૌતિક અવસ્થામાં પણ સુખી થવામાં સહાયભૂત બને છે, અને સર્વાંગી આત્મોન્નતિ માટે અગત્યનું સાધન છે.

આજના ગતિશીલ અને સંઘર્ષમય જીવનમાં તો આ પ્રકારની પ્રક્રિયા અત્યંત આવશ્યક છે.

આમ આ ત્રણેય પુસ્તિકાઓમાં શ્રી યોગેશ્વરજીના વિવિધ પુસ્તકોમાં જીવન, ભક્તિ, આત્મોન્નતિ અને સંસારમાં રહીને પણ સાધી શકાતી શાંતિ અને પ્રગતિ માટે અમૂલ્ય માર્ગદર્શન છે, જેને આ પુસ્તિકાઓ સુલભ બનાવે છે, સરળ અને સાદીભાષા–શૈલીમાં રજુ કરે છે. ચોથી પુસ્તિકા ગીતાના સાર વચનો માટે એક વિસ્તૃત લેખની આવશ્યકતા છે જે પછીથી ચર્ચીશું.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# અમૃત પળોનો આસ્વાદ–૧

ગોરધનભાઈ ડી. કલોલા (કલ્યાણ)

જીવનવાટ વસમી છે. સંસારજીવનની આંધીમાં અટવાતાં અથડાતાં પ્રભુપંથની કેડી તો ક્યાંય દૃષ્ટિગોચર થતી નથી. ભૌતિકતાનો ભસ્માસુર આપણને સદાય દઝાડતો રહે છે, તેમ છતાં એના ચળકાટથી અંજાઈને આંધળાભીંત થઈને તે આકર્ષક સુવર્ણમૃગની પાછળ દોડયા કરીએ છીએ. રામબાણ વાગ્યા સિવાય આપણી આંખ ઉઘડતી નથી. રાતદિવસ દોડધામ કરીએ તો પણ એ ભસ્માસુરની ભૂખ ભાંગતી નથી. એક પળના વિશ્રામ માટે પણ ફાંફાં મારવા પડે છે. એક દિનકા સુલતાન બનવા પાછળ જીવનશાંતિનું સામ્રાજ્ય હારી જઈએ છીએ.

પરંતુ આ વસમી જીવનવાટે સંતનો સથવારો લઈ લઈએ તો! એ કપરાં જીવન ચઢાણમાં પ્રભુપ્રેમનો ટેકો લઈ લઈએ તો! ભસ્માસુરને ભગાડવા ભક્તિના રામબાણનું ભાથું ભરી લઈએ તો! તો પછી જીવન સુખશાંતિનું વિશ્રામસ્થાન બની જાય! એ પરમશક્તિની ઓથે ઓથે જીવન અમૃતપળોનો આસ્વાદ લેતું થઈ જાય!

ઓથ મળી નટવર નાગરની,
હવે ફિકર નથી ભવસાગરની,
હું તો મસ્ત બનીને મ્હાલી રહી,
મળવાનું ગયું મને સર્વ મળી.

પરંતુ સાચા સંતનું સાન્નિધ્ય તો દેવદુર્લભ છે. ઘણીવખત તો

પૂર્વના પુણ્ય કે તપ થકીયે તે સુલભ થતું નથી, તો ક્યારેક કેવલ કૃપા દ્વારા વરસી પડતું હોય છે. આવી એક પરમ વિભૂતિ આજે પણ જનસમાજની વચ્ચે વિહરી રહી છે, પરંતુ આ વિહાર એટલો તો સહજ લાગે છે કે તેમાં વિહરતા વિભૂતિસ્વરૂપને પામવું તે ભગીરથ પ્રયાસ જેવું દુષ્કર છે. સાન્નિધ્ય તો સહજ છે. પરંતુ એ તરફ મનને વાળવું મહામુશ્કેલ છે. રૂઢિવાદીમતના જડવલણને ઢીલું કરવું તે સતત જાગૃતિ વિના શક્ય નથી, એટલે જ સાચા સંતને પારખવામાં આવા જડવલણોનાં મોહના મોતિયા આડા આવે છે. સંપ્રદાય, પંથ કે વાડા ને વળોટીને મનને ખુલ્લુ રાખીએ તો એ સંતકૃપાની વાદળી અંતરની અવનિપર વરસી જશે. પછી એ પ્રેમભીનાં અંતરની સાત્ત્વિક સુગંધથી જીવનબાગ મ્હેંકી ઉઠશે.

પૂ. મા સર્વેશ્વરીનો જીવન વિહાર એ ફક્ત લૌકિક વ્યવહારોની જેમ સામાન્ય નથી. તેમના સાન્નિધ્યમાં પહોંચીયે ત્યારે જ તેમની અસામાન્ય અલૌકિકતાનો ખ્યાલ આવે છે. પરમપ્રેમના પંથે પડેલાં પૂ. મા સર્વેશ્વરીની જીવન પરીપાટીમાંથી એવી તો દિવ્યતાની આભાનો ઉજાસ પ્રકટે છે કે તે દિવ્ય સાન્નિધ્યે પહોંચતા સૌમાં તે પવિત્ર ઉજાસ સહજ જ પથરાય જાય છે. જે જે પળો એ દિવ્ય સાન્નિધ્યમાં વીતે છે તે પળો જીવનને અમૃતમય બનાવે છે. એ માતૃપ્રેમનાં રસાયણમાં એવી તો સંજીવની શક્તિ સમાયેલી છે કે ભાંગ્યા તૂટયા જીવન ફરીથી નવજીવન પામે છે. અહીં તો જે પહોંચે છે તે પામે છે. દર્શનમાં જ સાધના સમાઇ જાય છે. પૂ. માનો પ્રેમ જ પારસમણિ છે. એ વાત્સલ્ય વડની છત્રછાંયામાં જેમણે આશરો લીધો તેમણે વિશ્રાંતિનું વરદાન સહજ જ પામી લીધું. એ પ્યારભર્યા ધબ્બામાંથી વાત્સલ્યતાનાં અમીઝરણાં ફૂટી



નીકળે છે. એ કૃપાકટાક્ષથી ત્રિતાપનું શમન થાય છે. મસ્તકે ફરતો વરદહસ્ત કલ્પવૃક્ષની કલ્પનાને સાકાર કરે છે. અહીં માતૃકૃપાની મહેર એવી તો વરસે છે કે આપણે તો ફક્ત એ કૃપાના કલ્પવૃક્ષ નીચે બેસવાનું જ છે. બાળક માતૃઅંકે સમાય જાય પછી યોગક્ષેમની એને શું ચિંતા? બસ એક 'મા'ને જ વળગી જઇએ,

તારા વિનાનું કોઇ નજરે ના આવે.
બીજાને ભજવાનું ના અંતરને ફાવે.
એક છે તારો આશરો બાળકને—એક છે તારો આશરો.

આપણી સીમિત શક્તિ થકી વિશેષ કશું પામવા અશક્તિમાન છીએ. પૂ. માને જ પ્રાર્થના કરતાં રહીએ કે એ દિવ્ય સાન્નિધ્ય માણવાનો અવસર કૃપા થકી સુલભ બનાવતાં રહે. એ પરમકૃપા થકી સાંપડેલી અમૃતપળોનો આસ્વાદ લઇએ.

૧૪, નવેમ્બર '૯૦ નો એ શુભ દિવસ. પૂ. મા છોકરાઓ સાથે નર્મદાસ્નાન માટે કરનાળી પધાર્યાં છે. સ્નાન તો પૂ. માને શું કરવાનું હોય? સ્વયં જ પવિત્રતાનું ઉદ્‌ગમ સ્થાન છે. આ તો પરમ પુરુષોનો લીલાવિહાર છે. એ લીલાવિહારમાં અનેક જીવોનો ઉદ્ધાર થતો રહે છે. એ લીલાવિહાર દ્વારા એ દિવ્ય વ્યક્તિત્વમાંથી જે સહજ સુગંધ પ્રસર્યા કરે છે તે આપણા અંતરને દિવ્યતાથી ભરી દે છે. સ્નાનવિધિ તો સામાન્ય હોય છે. પરંતુ એ સામાન્ય લાગતી દૈનિક ક્રિયાઓમાં પણ પૂર્ણ પુરુષોનું પૂર્ણત્વ કેવું ઉપસી આવે છે તેના દર્શન આપણે કરીએ.

પૂ. મા ઘાટના પગથિયા ઉપર ઊભાં છે, સામે જ છોકરાઓ નર્મદામાં સ્નાન કરે છે, પરંતુ પૂ. માને જાણે સંતોષ નથી. સ્વયં ઘાટના પગથિયાં ઉતરીને પાણીમાં ઊભા રહીને કહે "ચાલો એકબીજા સામે જોશથી પાણી ઉડાડી સ્નાન કરાવો" છોકરાઓ

તેમ કરે છે પણ પૂ. માને હજુ આ સ્નાન મસ્તીથી પણ સંતોષ નથી. પછી કહે "એકને વચ્ચે રાખી તેની આસપાસ વર્તુળાકારે ગોઠવાઈને ચારે બાજુથી પાણીનો મારો ચલાવો." પૂ. માની આજ્ઞા થતાં છોકરાઓ ભારે મસ્તીમાં આવી ગયા. થોડી ક્ષણો તો જાણે નર્મદામાંથી પાણીના ફુવારાઓ ઉછળી રહ્યા! એ ધીંગા-મસ્તીમાં જાણે સૌ પોતાનું અસ્તિત્વ વિસરી ગયા! આનંદ મસ્તીની જાણે સમાધિ લાગી ગઈ! પણ પૂ. માને હજુ પણ જાણે સ્નાનની તૃપ્તિની અનુભૂતિ થતી નથી. પૂ. માને હજુ પણ પ્રયાસમાં કચાસ દેખાય છે. એટલે સ્વયં પાણીમાં ઉતર્યાં. સૌને આસપાસ ઊભા રાખીને પોતાના બંને હાથથી એટલી તો સ્ફૂર્તિથી પાણીની છોળો ઉડાડી કે જાણે મસ્તીની આંધિ ઉમટી પડી. એ સુકલકડી શરીરમાં પ્રકટતી આ શક્તિથી આશ્ચર્યની અવધિમાં ડૂબી જવાયું! એ સ્નાનવિધિમાં પૂ. માએ પોતાની જાતને જાણે એકાકાર કરી દીધી. ધરતીને મુંઝવી દેતી વર્ષાની તાંડવલીલા જોઈ છે? ધીમી ધારે ધરતીપર તૂટી પડીને તેની તૃષાને છીપાવવા ગાંડાતૂર થઈને તૂટી પડેલા મેઘરાજાને જોયો છે? જાણે ધરતીને શ્વાસ લેવાનો પણ સમય આપ્યા સિવાય એકધારા વરસીને પોતાનું અસ્તિત્વ જાણે ધરતીમાં સમાવી દેવા ન મથતા હોય એવું દૃશ્ય જાણે અહીં સાકાર થયું છે! પૂ. માએ પણ મેઘધરતીની આ ધીંગામસ્તીને સાકાર કરી દીધી! પૂ. માએ પોતાના બંને હાથોવડે શરીરની તમામ શક્તિ ખર્ચીને એટલી તો ઝડપથી પાણીનો મારો ચલાવ્યો કે સ્નાનનો આનંદ લુંટવાનો જાણે કોઈ પ્રયાસ બાકી રાખ્યો નહીં. પૂ. માના સ્વભાવની આજ વિશેષતા છે કે કોઈપણ કાર્ય પૂરી શક્તિ લગાડીને કરવું. પ્રયાસની કચાસ પૂ. મા ચલાવી લેતાં નથી.



પૂ. માનું જીવનદર્શન જીવન વ્યવહારમાં સહજ પ્રતિબિંબિત થયાં કરે છે, પછી તે સ્નાન હોય કે ધ્યાન, સફાઈ હોય કે શણગાર, પેકિંગ કરવાનું હોય કે પૂજા, પ્રાર્થના હોય કે પારાયણ, જીવનની કોઈ ગતિવિધિમાં પૂર્ણતાના પ્રયાસમાં કોઈ કચાસ પૂ. મા રાખતાં નથી. "ડૂબી જવું, ખોવાઈ જવું, ખૂંપી જવું, મસ્ત બની જવું, ભાન ભૂલી જવું." એ બધાયે સ્વભાવની લાક્ષણિકતાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. અહીં બધું જ પૂર્ણ છે, સેવાની પૂર્ણતા, ત્યાગ અને વૈરાગ્યની પૂર્ણતા, પ્રેમ ને તપની પૂર્ણતા, પવિત્રતા અને પુરુષાર્થની પૂર્ણતા. આ બધા પૂ. માના પૂર્ણ વ્યક્તિત્વના પૂર્ણ અંશો બની ગયા છે. પૂ. માના સાધનાના પૂર્ણ પ્રયાસોમાં ક્યાંય પણ જરા જેટલી પણ છટકબારી નથી. પરમ-શક્તિના સાક્ષાત્કાર માટે અહીં પૂર્ણત્વ પૂર્ણપણે પ્રકટ્યું છે. પ્રભુદર્શન ન આપવા માટે અહીં કોઈ બહાનું શોધી શકે તેમ નથી. પૂર્ણતાનું સામ્રાજ્ય મેળવવા પૂ. માએ જીવન સંગ્રામના દરેક મોરચે પૂર્ણ સજાગતા બનાવી છે. ષડ્રીપુઓના કોઈ કળ, બળ ત્યાં કામ આવે તેમ નથી. પૂ. માના વ્યક્તિત્વમાં ઈશશક્તિની પૂર્ણત્વની આલબેલ ગૂંજી ઉઠી છે, એટલે અહીં સ્નાનવિધિમાં પણ એ આલબેલ આપણે સાંભળી રહ્યા છીએ.

જેમણે જેમણે પૂ. માના તપને નિહાળ્યું છે, પ્રેમને પામ્યા છે, સેવાયજ્ઞના સાક્ષી રહ્યા છે, કરુણાની ધારામાં નાહ્યા છે, માતૃ-વાત્સલ્યની વ્હાલપ માણી છે, આત્મવિશ્વાસનો રણકાર સાંભળ્યો છે, નિષ્ઠા અને શ્રદ્ધાને ગમે તેવા સંજોગોમાં અચળ જોઈ છે, અનેક પ્રસંગોએ ઈશશક્તિની સમર્થતાને મૂર્તિમંત થતાં જોઈ છે, તેઓની આશંકાને તો હવે અવકાશ જ ક્યાં રહ્યો? તેઓને માટે તો એ માતૃઅંક એજ વૈકુંઠ, એજ અક્ષરધામ અને ગોલોકપણ

એજ! એ સનાતન વેદવાક્યની સાર્થકતા આજે પણ પૂ. માના જીવનમાં જોઇ શકાય છે.

ॐ पूर्णमदः पूर्णइदम् पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवा वशिष्यते ॥

પૂર્ણત્વની આ પરીભાષા પૂ. મા જેવા અનેક પરમ પુરુષોના પૂર્ણજીવનની અખંડિતતામાંથી જ પ્રકટી હશેને! પૂર્ણજીવનમાંથી હમેશાં પૂર્ણતા પ્રકટતી રહે છે, એટલે જ પૂ. માના લીલાવિહારમાં પણ એ પૂર્ણતાનું દર્શન સહજ થયા કરે છે. અહીં સ્નાનવિધિનાં પ્રયાસોમાં જે લગન દેખાય છે તેમાં પણ આ પૂર્ણતાના જ દર્શન છે.

તાત્પર્ય એજ કે અહીં ફક્ત સ્નાન જ નથી, પણ સ્નાનની પૂર્ણતા છે. અહીં ફક્ત સ્નાનનો દેખાવ કે ઉપરછલા પ્રયાસો નથી પણ મન મૂકીને સ્નાનમાં ડૂબવાનો આનંદ છે. પૂ. મા પોતાનું બધું જ કાર્ય પછી તે સાધનાનું હોય કે દૈનિક વ્યવહારનું હોય, પણ પ્રાણપરોવીને કરે છે. શરીરને તો ગણકારતાં જ નથી. અત્યારની પૂ. માની શારીરિક સ્થિતિ જોઇને તો તપની તીવ્રતાને લીધે કોઇપણ સંજોગોમાં પથારીમાંથી બેઠાં થઇ શકે તેમ નથી! છતાં જીવનસંગ્રામ ખેલી લેવાનો જુસ્સો એવો જ અણનમ છે એ અવિરામ યુદ્ધ નિહાળવાનો લ્હાવો વિરલ અને અનોખો છે. આ સ્નાનવિધિમાં પણ એ જ જુસ્સાનાં દર્શન થાય છે. શરીરને બાજુએ મૂકી પૂ. માએ છોકરાઓને શું નવડાવ્યા છે કે ન પૂછો વાત! નર્મદાના નીરથી ખોબે ખોબે છોકરાઓને તૃપ્ત કર્યા, સૌને મસ્તકે એ કૃપાજળની ધારા વહાવી અને નર્મદાને ઉલેચીને જાણે છોકરાઓના હૃદયમાં વહેવડાવવી હોય તેમ બંને હાથથી પાણીના ફુવારાઓ છોડીને છોકરાઓને નર્મદામય કરી નાખ્યાં! પરમ-



પુરુષોના લીલામય જીવનમાંથી જે દૈવત્વ અને કૌવત પ્રકટે છે તેનું દર્શન આ સ્થાન પ્રસંગમાં થાય છે.

પૂ. માના સાન્નિધ્યમાં છોકરાઓએ તો સ્નાનનો આનંદ માણ્યો પરંતુ પૂ. માએ તો પારાવાર પરિશ્રમ વેઠયો. જીવોના કલ્યાણ માટે પૂ. મા કોઇ પ્રયાસો બાકી રાખતાં નથી. નર્મદા-સ્નાનમાં પણ સૌમાં દિવ્યપ્રેમનો ઉઘાડ થાય અને પવિત્રતા પાંગરે તે માટેના પૂ. માના ભરચક પ્રયાસો હતા. ભરબપોરે, બળબળતા તાપમાં સતત બે કલાક સુધી ઊભા રહીને સીતેરેક છોકરાઓને જે દિવ્યાનંદ આપ્યો તે આપવા આવ્યાં હોય તેજ આપી શકે!

પૂ. માના સાન્નિધ્યમાં એક એક પળ કેવી અમૃતમય બની જાય છે એ તો બધું વિસરીને એ પદસરોજને વળગી જઇએ ત્યારે જ અનુભવી શકાય છે. સ્નાનપછીના વિશ્રામની એવી અમૃતપળોનો આસ્વાદ લઇએ.

નર્મદાસ્નાન પછી પૂ. મા નર્મદા કિનારે એક વિશાળ વડલા નીચે સૌ છોકરાઓ સાથે બીરાજ્યાં છે. પૂ. માનું આ દર્શન પણ નર્મદાસ્નાનથી કંઇ ઓછું આનંદ આપનારું નથી. નર્મદાજીના તટે ખુલ્લા આકાશ અને તાજી હવાના કુદરતી વાતાવરણ વચ્ચે પૂ. મા વડની છાંયા નીચે લાંબા પગ કરીને વિશ્રામ કરતાં કરતાં પોતાના છોકરાઓ સાથે વાર્તાવિનોદ કરતાં હોય એ સુખાનુભવને માણ્યા પછી સ્વર્ગ કે વૈકુંઠની કલ્પનામાં રાચવાનો અવકાશ જ ક્યાં રહે છે.

નર્મદા સ્નાન પછી સત્સંગની બેઠક માટે નર્મદાકિનારે આવેલા આશ્રમ જેવા મોટા મકાનોમાં બેસવાની સગવડ મળી

શકે તેમ હતી, છતાં આ સુંદર વડની છાયા નીચે બેઠક ગોઠવવાની આજ્ઞા કરતાં કહે "સ્વતંત્રતા છોડીને શા માટે ગુલામી કે લાચારી વેઠવી. કદાચ થોડી મુશ્કેલી પડે તો પણ આવી કુદરતના સાન્નિધ્યની સ્વતંત્રતા અને સ્વાવલંબનનો આનંદ શા માટે છોડવો?" પછી પૂ. શ્રીના સ્વરૂપ તરફ પ્રેમભાવે જોતાં કહે "આપણે આ યોગેશ્વર વડ નીચે સૌ સલામત અને સુખી છીએ. આવી છાયા બીજે ક્યાં મળશે?"

પૂ. માના વ્યક્તિત્વના બીજાં એક સુંદર પાસાનું દર્શન આપણે અહીં કરીએ છીએ. પૂ. મા જે સહજ બોલ્યા તેમાં તેમના સ્વતંત્ર મિજાજની એક અનોખી ઝલક જોવા મળે છે. પૂ. મા એમ કહેવા માગે છે કે સ્વાવલંબન અને સ્વતંત્રતા એ સાધનાત્મક જીવનના મુખ્ય આધારસ્તંભ છે. મુક્ત જીવનનો પણ એક આનંદ હોય છે.

છેક કિશોરવયથી એ સ્વતંત્ર પ્રકૃતિ પૂ. માના વ્યક્તિત્વનું અભિન્ન અંગ બની ગયું છે. પૂ. માએ પોતાના સાધનાત્મક જીવનમાં નિર્ણયો લેવાની સ્વતંત્રતા અકબંધ રાખી છે, તે નિર્ણયોને કોઇ સ્વીકારે કે સંમત્તિ આપે તો ભલે નહિંતર પોતાની રીતે આગળ વધ્યા છે, છતાં એ નિર્ણયો લેવામાં ક્યાંય ઉચ્છૃંખલતા કે છીછરાપણું જોવા નહીં મળે. સ્વતંત્ર નિર્ણયો લેવા છતાં માતાપિતા કે વડિલો પ્રત્યે આદર કે નમ્રતાની પાળ ક્યારેય ઓળંગ્યા નથી. પરિવાર, સંપત્તિ કે આચાર્યપદના ત્યાગના પ્રસંગોએ આત્મનિર્ણયના અધિકારના દ્યોતક છે. આ સાથે પૂ. મા પોતા તરફ ભક્તિભાવ કે પ્રેમાદર રાખનારા હજારો બાળકોની સ્વતંત્રતા એટલી જ જાળવે છે. બાળકો માટે પૂ. મા જીવનના સારસર્વા હોવા છતાં તેમનાં સાધનાત્મક જીવનમાં પોતાના



નિર્ણયો ક્યારેય લાદતાં નથી. "મને ગમે તે સૌને ગમે" એ જીવનમંત્રની દીક્ષા અહીં સૌને સહજ મળે છે.

મુક્ત રીતે વહેવાનો અનેરો છે રંગ,
સાધનાનો કરવાનો ઉત્સાહથી જંગ;
તેમાં છે સંતોષ મને તેમાં છે આનંદ,
સરળ બનીને વહું તજીને પાખંડ.

મુક્તપણે વિહરવાનો અને સ્વંતત્રપણે જીવનનાવ હંકારવાનો એક અનુપમ આનંદ લ્હાવ પણ પૂ. માના જીવનવિહારમાંથી આપણને સૌને મળે છે.

બીજી વાત, પૂ. માએ કહ્યું કે આ યોગેશ્વર વડ નીચે આપણે સૌ સલામત છીએ. પૂ. માના સાધનાત્મક જીવનની આ પણ એક અદ્‌ભુત વાત છે. પૂ. માનો કહેવાનો આશય એવો છે કે પૂ. યોગેશ્વરજી જેવા પરમ પુરુષ જીવનમાં મળે તો પછી બીજા કોઇને મળવાનું ન રાખશો. એ શ્રીચરણોનો આશ્રય વિના વિલંબે લઇ લેજો. અહીં શરણાગતિ અને સ્વતંત્રતા પરસ્પર વિરોધી નથી પણ પોષક છે, આપણે પરમ પુરુષોની શરણાગતિ સ્વીકારીએ એટલે તેઓ આપણને ષડ્‌રીપુઓની ગુલામીમાંથી મુક્ત કરે છે. જે મોહમાયાના બંધનમાંથી છૂટવા તે શક્તિમાન નથી હોતી તે બંધનમાંથી આ શરણાગતિભાવ આપણને છોડાવે છે. માના ખોળામાં બાળક જે સલામતી અને સ્વતંત્રતાનો અનુભવ કરે છે તેવો અહેસાસ તેને બીજે ક્યાંય મળતો નથી. યોગેશ્વર વડની છત્રછાયામાં આ સલામતી અને સ્વતંત્રતાનો અનુભવ સહજ છે. એટલે પૂ. માએ કહ્યું કે આ યોગેશ્વર વડ નીચે આપણે સ્વતંત્ર અને સલામત છીએ તે કેટલું યથોચિત છે!

ત્રીજી વાત પૂ. માની શિક્ષા અને દીક્ષાની! પૂ. મા કોઇને શિક્ષા કે ઉપદેશ આપવા ટેવાયેલાં નથી એ જીવનગંગોત્રીમાંથી પુરુષાર્થની જે અવિરત ભાગીરથી વહ્યા કરે છે. તેમાં જેઓ સ્નાન કરે છે. તેઓને શિક્ષા મળતી રહે છે, અને અહીં દીક્ષા છે. પરમપ્રેમની! અહીં નથી દીક્ષાની વિધિઓ કે નિયમોની નામાવલિ! બસ અહીં તો એ માતૃગોદે બેઠા નથી કે પરમપ્રેમના પયપાનના અમૃત ઓડકાર ખાધા નથી! નર્મદાસ્નાન પછી આ વડ નીચે પૂ. મા આ શિક્ષા અને દીક્ષા આપી રહ્યા છે. પૂ. માએ નર્મદાસ્નાન કર્યું એમ નહીં કહીએ પરંતુ સ્નાનનો પુરુષાર્થ કર્યો છે એમ જ કહેવું પડે! એ પુરુષાર્થી સ્નાન પછી આરામને બદલે અહીં પૂ. મા એકસો પચ્ચીસ દંડવત પ્રણામો પ્રભુને કરે છે. પૂ. મા કોઇને કહેતા નથી કે તમે કરો, પંરતુ પોતે શરૂ જ કરી દે છે. પૂ. માની આ છે શિક્ષા અને જે પરમ પુરુષના શ્રીચરણોમાં આ પુરુષાર્થી પ્રેમાંજલી અર્પી રહ્યા છે તે છે દીક્ષા!

આપણા માટે પણ આ છે નર્મદાસ્નાનની શિક્ષા અને દીક્ષા! નર્મદાસ્નાન તો નિમિત્ત છે પરંતુ એ દ્વારા પૂ. માના જીવનમાં આપણે પરમશક્તિની પૂર્ણતાના દર્શન કર્યા! સ્વતંત્રતા અને સ્વાવલંબનના પાઠ શીખ્યા, અને પ્રેમભર્યા પુરુષાર્થની દીક્ષા પામ્યા.

આ છે અમૃતપળોનો આસ્વાદ! એકવાર એ આસ્વાદની તૃષા જામી જાય તો બેડો પાર થઇ જાય!

જાગી જાયે જીવમાં જો તૃષા, તો દૂર રહે ના એ,
અમૃતની થાય વર્ષા, પછી લેશ ટકે વિષ શે!



## * જાહેર નિમંત્રણ *

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરેન્ટો (કેનેડા) આ વર્ષે તેના દશાબ્દી વર્ષની ઉજવણી કરી રહ્યું છે. તેના ભાગરૂપે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના આગામી જન્મદિન તા. ૧૫ ઓગસ્ટની ઉજવણી પણ ત્યાં કરવામાં આવી રહી છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવાનાં છે. આ પ્રસંગે પ. પૂ. યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના વિદેશોમાં વસતા ભક્તોને પધારવા જાહેર નિમંત્રણ છે.

નિમંત્રક
શ્રીયોગેશ્વર ધ્યાન કેન્દ્ર
ટોરેન્ટોના સાધક ભાઇબહેનો.

## * સૂચના *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના અનુયાયી સાધક ભાઇબહેનોને જણાવવાનું કે આ વર્ષે ગુરુપૂર્ણિમાની ઉજવણી, દરેક ધ્યાન કેન્દ્રો પોતપોતાના શહેરોમાં પોતાની રીતે કરે.

તે પછી પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના જન્મદિન તા. ૧૫ ઓગસ્ટની ઉજવણી અમદાવાદ ખાતે રાખવામાં આવનાર છે. તેની નોંધ સર્વે સાધક ભાઇબહેનોને લેવા વિનંતિ છે.

તા. ૧૫ ઓગસ્ટની ઉજવણી શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ તરફથી કરવામાં આવનાર છે. તે અંગે દરેક કેન્દ્રોને શ્રી બાબુભાઇ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી, તરફથી અલગ જણાવવામાં આવશે.

તંત્રી (અધ્યાત્મ)

## * મુજને ભાગ્ય મળે *

હે મા!
થાય મને કે સદા સર્વદા
એવું ભાગ્ય મળે,
તમારું નિશદિન પ્રતિપલનું
મુજને સાન્નિધ્ય મળે!
તમે કદી ના ત્યજો મને
ને હું પણ તમને ના,
કૃપાસંનિધિ પ્રેમમયી એ
મુજથી કેમ સરે? ....થાય મને કે
તમારા વિના મારું તો
અસ્તિત્વ શૂન્ય ખરે
પણ હા, મારા સંગ વિના
ના તમને ચેન રહે. ....થાય મને કે
સર્વે શુભ્ર–શ્વેત–ધવલ જે
તમારી સંગ રહે, ને
શ્યામલ અનુપમ રૂપ તમારું
અદકું મુજ ન રહે. ....થાય મને કે
પ્રતિચ્છાયા તમારી બનતાં
હરદમ સંગ મળે
અદ્દભુત–સુખદ–સંનિધિ કેરું
મુજને ભાગ્ય મળે. ....થાય મને કે

— દક્ષેશ કોન્ટ્રેક્ટર



# કૃપાદર્શન

**પૂર્ણિમા**

**નોંધ :** આ લેખનાં લેખિકા શ્રી પૂર્ણિમાબેન પૂ. માના પ્રેમી ભક્ત છે, તેઓને પ્રભુએ સૂરીલો કંઠ આપ્યો છે જેનો ઉપયોગ તેઓએ ભગવાનના ગુણાનુવાદ ગાવામાં જ કર્યો છે, તે કેટલું સરસ કહેવાય!

તેઓના જીવનની મુશ્કેલી એ છે કે તેઓ પર્વતીય પ્રદેશમાં પ્રવાસ કરી શકતાં નથી. પરંતુ પૂ. માની કૃપાથી ચંદ્રવદની માતાની ૭૦૦૦ ફુટ ઉંચાઈની યાત્રા કરી શક્યાં. તે ચમત્કાર જ લેવાય. એટલે તેઓએ પોતાનો અહોભાવ વ્યક્ત કરતો જે લેખ જૂન '૯૨ ના અંકમાં લખેલો તેના શેષ ભાગ અત્રે છાપ્યો છે. શ્રદ્ધાળુ વાંચકોને તે ગમશે એવી આશા છે. —તંત્રી.

आज हमरे ठाकुरने बहुत अनुग्रह बरसायां. આજે ખરેખર મારા ઠાકુર ગોપાલ કૃષ્ણ. માએ મારા પર અણધારી ખૂબ જ અનરાધાર કૃપા વરસાવી. કૃપા કરતાં પણ કરૂણા જ વહી રહી! અમે બાવની સ્તુતિ કરતા ચંદ્રવદનીની તળેટીમાં પહોંચવાની તૈયારીમાં છીએ. અહીંથી હિમાલયના દર્શન અર્ધચંદ્ર- કારરૂપે ખૂબ જ સુંદર થાય છે. પ્રાકૃતિક સૌંદર્ય અહીં છલોછલ છે પણ એથી વિશેષ સુંદરતાની મહામૂર્તિ મારી સાથે છે. તેથી તેની સામે આ બધું જ સૌંદર્ય ગૌણ છે, અહીં મન તેથી આના જ સૌંદર્યમાં જ લાગેલું છે. પૂ. માને આજે હું કૃપાની આંખે પેટ ભરી નિહાળું છું. યાત્રામાં જોડાવાનું પ્રયોજન મારી સર્વ ઈન્દ્રિયોથી માત્ર એ

પ્રત્યક્ષ પ્રેમદેવને જ પીવા છે. દરેક ઈન્દ્રિયથી પીવા છે અને આજે સામેથી એ દેવે અનુગ્રહ કર્યો જેથી હું પૂર્ણરૂપે કૃપારૂપી અમૃત પ્યાલી પી શકું!

પૂ. મા પોતાના મંત્ર વિશે વાત કરીને કહે, પ. પૂ. શ્રીએ મને પણ ભગવાન શંકરનો જ મંત્ર ૐ નમઃ શિવાય આપ્યો હતો. રોજ રાત્રે શિવ શિવ જપવાનું કહ્યું હતું, પરંતુ માએ પૂ. શ્રીને કહ્યું આ મંત્રજપ કરતાં પણ મહાત્માજી તમે જ યાદ આવ્યા કરો છો? તો ધ્યાન કોનું કરવું? કારણ જેનો મંત્ર હોય તેનું ધ્યાન કરવું. તો મહાત્માજી કહે, ગુરુદેવ શંકરનું જ સ્વરૂપ છે, બંને એક જ છે, અને મેં જ મારી રીતે ૐ યોગેશ્વરાય નમઃ મંત્ર શોધી લીધો; કારણ મન સહજ મહાત્માજીનું જ ધ્યાન કરતું તેથી મંત્ર પણ એમના જ નામનો જપવા માંડયો! પાછળથી પૂ. શ્રીએ એવો જ મંત્ર આપ્યો હતો.

પૂ. મા મંત્ર વિષે પણ યોગ્ય સમજ પૂરી પાડે છે. પૂ. શ્રીના નામ સાથે પૂ. માને એટલી પ્રીત હતી કે પહેલી કમાઈના વાસણ પર નામ 'સ્વામી શ્રી યોગેશ્વર' લખાવ્યું હતું!

શ્રી રાજુભાઈ (નારાયણભાઈના પુત્ર) પૂ. માને પ્રશ્ન પૂછે છે કે પહેલાં શક્રાદય સ્તુતિ કરવી ગમતી! પણ જ્યારથી માની બાવની આવી છે ત્યારથી તેજ થાય છે તો એમાં દોષ ન લાગે?

પૂ. મા કહે, "સાંભળો. નાનાં ઘણાં બધાં બાળકો રમતાં હોય! અને એમાંથી એક બાળક રડે તો બધી માતાઓમાં એ બાળકની માતા હશે તે જ ઉભી થશે, કારણ પોતાનું બાળક જ રડે છે એવું માતા જાણી જાય છે. તેમ તમે સ્તુતિ કરો અને જેને સ્તુતિ જોઈતી હશે તે લઈ લેશે. આપણે ચિંતા કરવાની જરૂર નથી. આમાં જે સાચી મા છે તે સ્તુતિ સ્વીકારશે.



તળેટીમાંથી ચંદ્રવદની માના મંદિરનું શિખર છે તેનું દર્શન થયું. ચંદ્રવદની માની પાકી ઈચ્છા તેથી જ તેમનું દર્શન થયું. પૂ. મા કહે, "મારી જે જે ઈચ્છાઓ હતી તે પ્રભુએ પૂરી કરી છે, કેવી કૃપા! વાતાવરણ જો વાદળવાળું ન હોય તો દૂર દૂર બરફ આચ્છાદિત હિમાલયના દર્શન થાય છે. પૂર્ણિમાને શ્રીઅંકમાં લઈ પૂ. મા ચંદ્રવદની મંદિરે જવાના રસ્તે આવી પહોંચ્યાં. ચંદ્રવદની મંદિરના પહાડની તળેટીમાં હું ઉભી છું. પૂ. મા પ્રભુનો જય જયકાર બોલી હું નાચી રહી છું. પૂ. મા કહે ૧ કલાકની ચઢાઈ છે. વાતાવરણ ખૂબ જ સુંદર છે, બપોરે ૧૨-૪૦ સુધીમાં પૂ. માએ મારી આખી કાયાપલટ કરી નાંખી ને મારું મન પણ બદલી નાખ્યું.

મારું તન પુલકિત મન, હૃદય તેમના પ્રેમથી કૃતજ્ઞભાવથી ભરાયેલું હતું. મારા વ્હાલા મા-પ્રભુને શું થયું! કારણ મારી પાસે તો કોઈ જ નથી! પૂ. મા કહે, "તું આવી ગઈ?" જાણે કુદકો મારીને "હા, મા કેવળ તારી જ કૃપાનું ફળ છે!" મારા અંતરમાં આજે અહીં જે આનંદ છે તેનું વર્ણન શબ્દમાં શક્ય નથી. મારા ચંદ્રવદની મા મારી સાથે જ હતાં. એટલે સર્વ પ્રકારે શીતળતા, શાંતિ હતી. પૂ. મા કહે, "પ્રભુની અદ્‌ભુત કૃપા ગણાય કે પૂર્ણિમાને કંઈ જ થયું નથી! પૂ. મા શ્રી રાજુભાઈ ને ઉર્વશી-બેનને શુભાશિષ વેરી રહ્યાં છે! લગ્નજીવન સુખી રહો. મુનિન્દ્રજી અને સાવિત્રીજીના લગ્નજીવનનાં ૩૦ વર્ષ પૂરાં થાય છે. તેમને પણ આશીર્વાદ આપે છે.

પૂ. મા કહે, "જેના ભાગ્યમાં હોય તે આવ્યા! આપણા માટે જે અશક્ય હતું તે પ્રભુએ શક્ય બનાવ્યું!"

પૂ. મા કહે, "રંજનના પ્રભુ, શ્રી નારાયણના પ્રભુની આ તપોભૂમિ છે. એ રીતે બંનેને યાદ કરે છે."

પૂ. મા ભગવતીની પરમ કૃપાથી ચંદ્રવદનીદેવીના પર્વતની તળેટીમાં આવી પહોંચ્યાં. પૂ. મા કહે, "રાજુભાઇ શું કરીશું? આપણે ચઢવા માંડીએ!" પૂ. મા જીવની ઇચ્છા જાણવા માંગે છે અને કરે તો એજ જે એમણે પોતાના મનથી નક્કી કર્યું હોય તે!

પૂ. મા એક સુંદર સ્થાન પાસે વનરાઇમાં બિરાજ્યાં છે, મને કહે બાવની બોલો. અમારી સાથેની બંને બસ આવી પહોંચી. એ સુંદર વનરાઇમાં 'યોગેશ્વર ભગવાનકી જય' 'સર્વેશ્વરી માતકી જય'ના જયકારનાદથી વાતાવરણ ગૂંજી ઉઠયું!

આજે તો મારા જીવનમાં મા–પ્રભુની કૃપાનો જ જય જયકાર થતો અનુભવ્યો. સૌ પૂ. માને પ્રણામ કરી ને ચંદ્રવદની માના દર્શન કરવા પર્વત પર ચઢવા લાગ્યાં!

નાના યુવાન ભાઇઓ સૌ ભક્તોને માટેનું ભોજન ઉંચકીને ચઢે છે. પૂ. મા કહે, "બહું વજન હોય તો ખાવા માંડો!"

પૂ. મા કહે, "પૂર્ણિમાને પોચકીદાસમાંથી પહેલવાન કરવાની ચેલેન્જ હતી. જેમાં પ્રભુની કૃપાથી સફળ થવાયું."

દશરથ પર્વતની યાત્રાની વાત કરી રહ્યાં છે કે એટલી નાની કેડી એમાં અમે જોયું કે સાપ પથ્થરની નીચે જઇને બેઠો છે, હવે અમારે એજ પથ્થર પર પગ મૂકવો જ પડે! અને જો સાપને ચરણસ્પર્શ કરવાની ઇચ્છા થાય તો હું ખીણમાં! અમારા ગાઇડે ઉભા રહીને સૌને પસાર કર્યાં. એવા અનેક પથ્થરો નીચે બિચારા બેઠા હશે!



પૂ. મા પર્વત પર સહજ રીતે ચઢી રહ્યાં છે! પૂ. મા એટલાં હળવાં ફૂલ! પૂ. માના જીવનમાં કોઇ જ પ્રકારનું વજન દેખાતું નથી! મા કહે, "પૂર્ણિમા જીવે છે! વચ્ચે વચ્ચે મારી ખબર લીધાં કરે છે, હું તો પૂ. માના શ્રીઅંકમાં બેઠી છું, જેથી ચઢવાનો થાક કે તાપ લાગતો નથી. પૂ. મા જે પથ્થર જેવા જીવનનો ઉદ્ધાર કરવા માગે છે તેના પર પોતાના અતિ મૃદુ કોમળ ચરણ મૂકી તેને નવજીવન ધરી રહ્યાં છે. પથ્થરની જેમ મારા જડ જીવનમાં પણ પૂ. માએ યાત્રા કરવાનું શરૂ કર્યું! અને એ જડતાને ખંખેરી ત્યાં પ્રભુના પ્રેમનું નાનકડું ઝરણું પ્રગટાવીયું! અને યાત્રા કરતાં એને ખૂબ શ્રમ પડયો! એની વેદના પણ સહુને કરવી પડી! એ વાતને યાદ કરતાં પૂ. માએ કહ્યું કે જેને શીતળતા ઠંડક મળે છે કારણ કે કોઇક શિરછત્ર ધરી રહ્યું છે, પણ જે શિરછત્ર ધરી રહ્યું છે, તેને પોતાને તો તાપ સહન કરવો પડે છે. સૌને ઠંડક આપવા માટે કોઇએ તો તપવું જ પડેને! પૂ. મા ભગવતીની તપશ્ચર્યા પાછળનો હેતુ તો આપણે સૌ બાળકો જ છીએ. પૂ. મા આપણા માટે જ તપી રહ્યાં છે. અને એને જે વેદના થઇ રહી છે! એ જગની માને! એ બાળકોના ત્રિતાપ પોતે હરી લે છે! માનો વાત્સલ્ય પ્રેમ અનુભવ્યો કે જડ જીવને પણ પ્રેમથી પુલકિત થઇ ઉઠે છે.

પૂ. મા ચંદ્રવદની દેવી ચઢતાં–ચઢતાં દશરથપર્વતની યાત્રાની વાત યાદ કરી કહે છે કે શું ઈશ્વર ભાઇએ સાચે જ યોગ્ય લખ્યું છે! "દુર્ગમ સીધાં ચઢયાં ચઢાણ, ગુરુકૃપાથી પુલકિત પ્રાણ!"

પૂ. મા પ્રભુની કૃપાને યાદ કરતાં કહે છે આ વખતે મને જે જે ઇચ્છા સહજ ઉદ્ભવી ને પ્રભુએ પૂરી કરી! દશરથ પર્વત! અને ચંદ્રવદનીદેવીની યાત્રામાં તેજ કૃપાનું દર્શન છે.

અલકનંદા ને ભાગીરથી પોતાના પિતાને ઘરે કેવી હસતી રમતી કુદતી દેખાય તેવાં જ મા પણ પોતાની મસ્તીથી ઉપર ચઢી રહ્યાં છે. પૂ. મા મોટા મોટા ડગલાં ભરી રહ્યાં છે! પૂ. મા કહે ઉપર ગરબા ગાજો. પછી કહે, "પૂર્ણિમા પણ કુદકો મારીને જ ચઢી કહેવાય!" મેં કહ્યું હા! માતાશ્રી સાથે છે, માટે ચઢી રહી છું.

પૂ. મા ભગવતી ખુલ્લા પગે એક હાથમાં પ્રભુનું સ્વરૂપ લઇ મસ્તીથી ચઢી રહ્યાં છે! પૂ. મા મસ્ત ફકીર છે, આઠે પ્રહર આનંદનો જાણે સ્રોત! અને એ પાવન ચરણનો સ્પર્શ થતાં જીવન નંદનવન બને છે, ખીલી ઊઠે છે.

પૂ. મા મોટા ડગ ભરતાં હતાં! તો કેટલાક તેમની સાથે દોડીને ચઢતા હતા! પૂ. મા કહે, "જોયું! ભાગવું પડે ને!" એ સમયે બે ભાઇઓ કેળાંનું બોક્સ રૂમાલથી ઉંચકીને ચાલતા હતા. પૂ. માએ કહ્યું, "જોવા દો! કેટલું વજન છે! પછી થોડું ચઢાણ પોતે ચઢયાં!

પૂ. માના જીવનમાં એટલી બધી સહજતા છે કે ભલભલા બુદ્ધિશાળી મૂર્ખ બને! કારણ તે પોતાની સહજતાથી પોતાનું દિવ્ય સ્વરૂપ જે મા ભગવતીનું છે, તે છુપાવી દે છે, અને અજાણ બાળને તો છેતરે જ છે! મા પાસે નાના બાળક થઇને જાવ તો! હૃદય લઇને જાવ તો! વ્હાલ પ્રેમનો સાગર એ મા ધરી દે છે! એ માના હૈયે માના અંકે સૌને શાન્તિ મળે છે.

પૂ. માની સાથે નારાયણભાઇ ચઢી રહ્યા છે! પૂ. મા કહે તમારી તંદુરસ્તી સારી છે કે તમે ચઢી શકો છો! પૂ. મા કહે, "શિબિર અહીં રાખવા જેવી છે. સામાન્ય લોકો આવે જ નહિ જેમકે ગવર્મેન્ટની બસો અહીં સુધી આવતી નથી. પણ પ્રાઇવેટ



બસ જ આવે તેમ જે ભક્ત છે, જેને મા ચંદ્રવદની પ્રત્યે પ્રેમ છે, તેજ આવશે."

પૂ. મા બાપજીને કહે, "બોલીએ! કુછતો બોલીએ! નહિ તો દક્ષિણા મેં કુછ નહિ મિલેગા!" માએ તેમને ત્યાં તો પથ્થર લઇ દક્ષિણામાં આપ્યો અને વ્હાલથી ધબ્બો પણ માર્યો. પૂ. મા કહે "અહીં કેવી મૂર્તિ છે! બાપજી કહે, "અહીં શક્તિપીઠ છે અને માનું શ્રી અંગ છે. માટે અહીં યંત્રની જ પૂજા થાય છે."

અહીં આદિશંકરાચાર્યે પોતે આવીને આ સ્થાનનું પુનઃ નિર્માણ કર્યું! પૂ. મા કહે, "પૂર્ણિમા જો તારા ભગવાનને અમે યાદ કર્યા!

અમારી યાત્રા એટલે કે ચઢાણ ખૂબ જ સહજ રીતે ચાલી રહ્યું છે. પૂ. મા થોડું ચઢીને કોઇ કડીને સમજાવીને સૌને આનંદ ધરી રહ્યાં છે. યાત્રાનો થાક કે કંટાળો નથી. પણ નવો ઉત્સાહ આનંદ છે! "જય ચંદ્રવદની મા" આપકી યાત્રા સફલ કરે. અમે મંદિરના ખૂબ નજીક આવી પહોંચ્યાં. પૂ. મા નીચેથી જ મંદિરના ગર્ભદ્વારના દર્શન કરી રહ્યાં છે. અમારી સાથેના બધા જ યાત્રી આગળ ચઢી ગયા હોવાથી પૂ. માનું ગીતથી સ્વાગત કરી રહ્યા છે. આખા રસ્તે ૐ મા—જય દયાળુ મા—હરિ ૐ થી ચંદ્રવદનીનો રસ્તો ગુંજતો થઇ ગયો છે.

પૂ. મા નીચેથી જ એ ગર્ભદ્વારને પ્રણામ કરી હવે ૨૦ થી ૨૫ પગથિયાં ચઢી રહ્યાં છે. સૌના હૃદયમાં આનંદની હેલી ચઢી છે. સૌ પૂ. માના નામ ગાતા ગાતા નાચતા કુદતા મંદિર સુધી પહોંચે છે. "હું ચંદ્રવદની દેવીના દર્શન કરવા સમર્થ બની! કોની કૃપાથી! કોની હૂંફ અને વહાલથી! એ વ્હાલની શી વાત કહું!

મારું તન મન પુલકિત બન્યું! મારી આંખોએ એ અહોભાવ વ્યક્ત કર્યા અને એ રીતે એની પૂજા થઇ ગઇ!

પૂ. મા મને ચંદ્રવદનીદેવીનાં દર્શને સાચે જ લઇ આવ્યાં! અરે, હું જાગૃતિમાં જોઉં છું કે સ્વપ્નમાં! જે અશક્ય હતું તે શક્ય બનાવ્યું! તેથી ધન્યતા મનોમન આપ્યા વગર ન રહેવાયું! પૂ. માએ ગંગાજીની આરતી, ગુરુદેવની આરતી કરાવી. ધૂન ગવડાવી પછી એ દેવીના પ્રાકૃટ્યની કથા ત્યાંના પૂજારી કરી રહ્યા છે.

દક્ષપ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શંકરથી અપમાન સહન ન થતાં, સતીએ પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો. આથી ભગવાન શંકર એ તનને પોતાના ખભા પર લઇને સર્વત્ર ભ્રમણ કરવા લાગ્યા. જ્યાં સુધી સતીનું શરીર હશે ત્યાં સુધી ભગવાન શિવ ફરશે અને શાંતિથી બેસી શકાશે નહિ તેથી ભગવાને સુદર્શન ચક્ર છોડયું, અને જ્યાં જ્યાં મા ભગવતીના શ્રીવિગ્રહનાં અંગો પડયાં ત્યાં શક્તિપીઠો ઉભી થઇ, જે પવિત્રતા અને સિદ્ધિ દેનારી છે. તેથી જ મહાત્માજી પણ એક અઠવાડીયું આ સ્થાનમાં રહ્યા હતા. આ શક્તિપીઠમાં પૂ. શ્રીના પવિત્ર શ્રીચરણો વિચર્યાં છે. પ્રભુની કૃપાથી આ ક્ષેત્ર સિદ્ધ થયું છે! અને આજે તો આ તીર્થનાં ભાગ્ય ફળ્યાં. તીર્થરાજ શ્રીચરણો અહીં વિચર્યા! જેથી પરસ્પર મળીને આનંદ પણ વ્યક્ત કરતાં હશે!

પૂ. માને આરામ માટે ટેન્ટ હતો. પૂ. માએ પૂ. શ્રીને પોતાના આસને બેસાડી પોતાના શ્રીચરણો પોતાના હાથથી જ ધૂવે છે અને ફરી ટેન્ટમાં બેસીને જપ પ્રાર્થના કરી રહ્યાં છે.

પૂ. માએ મંદિરમાં કહ્યું આ પવિત્ર શાંત, સ્વચ્છ હરિયાળા સ્થળની પવિત્રતા શાંતિ જળવાઇ રહે તે માટે સૌ કોઇ મૌન



ધારણ કરે! અહીં આ પવિત્ર સ્થળમાં નિયમ લો, રોજ ૧ લીટીની પણ પ્રાર્થના કરવી. નિયમ પ્રમાણે પ્રણામ, સ્તુતિ, જપ, રોજ વહેલા ઉઠવું. જીવન વિકાસના નિયમો લો. કૃપા તો છે જ. વરસી જ રહી છે. પણ આપણા ઉરમાં ઠરે તે માટે કંઇક નિયમ લેજો! જીવનની યાત્રા કલ્યાણકારક ઠરે.

પૂ. મા આજે પ્રેમલને મંત્રદીક્ષા આપી રહ્યાં છે! આજે ચંદ્રવદનીના મંદિરની આસપાસ ફરીને ચારે તરફથી એ હિમાલયનાં દર્શન આંખ ભરીને કરી રહી છું. ખૂબ જ આહ્‌લાદક એ દૃશ્ય હતાં. ઘણાએ ફોટા પાડયા! હું તો સતત મારા હૃદયમાં માને જ, માના જ ફોટા પાડયાં જ કરું છું!

પૂ. મા કહે, "ચંદ્રવદનીની કૃપાથી આજે પવિત્ર દિવસે અહીં આવી પહોંચ્યાં. જીવનમાં શ્રેય અને પ્રેય બંનેની પ્રાપ્તિ થાય. જીવનમાં જેટલું ભૌતિક સુખ મળ્યું એટલું જ જો પ્રભુ તરફ વળાય તો જીવની યાત્રા સાચે જ સફળ બને શ્રદ્ધા દૃઢ બને. આજ દિવસ સુધી પ્રભુ યોગેશ્વરમાં દૃઢ શ્રદ્ધા રહી છે તે વધે જીવનભર રહે અને જન્માંતર ભક્તિ–પ્રેમ થયે તેવી પ્રાર્થના કરીશું."

પૂ. મા કહે, "હવે ભોજન કરી લો. જેના તરફથી મીઠાઇ મળવાની છે તેના કલ્યાણમાટે પણ પ્રાર્થના કરવી જોઇએ. પૂ. મા કહે કોઇનું મફત ભોજન કરીએ તો ઋણ તો ચઢે જ ને! તો તેના કલ્યાણમાટે પ્રાર્થના–જપ કરી શકાય. સૌએ પ્રસાદ લીધા પછી અમે સૌ બહેનોએ ગરબા ગાયા. પૂ. માએ પોતાના હાથે ચોકલેટ અને બદામનો પ્રસાદ આપ્યો. અને ચંદ્રવદની માતાના મંદિરના પુનર્નિર્માણ માટે રૂ. હજાર સૌ સાધકવતી આપવામાં

આવ્યા. હવે પૂ. મા ચંદ્રવદની દેવીના સ્થાનની વિદાય લેવાની હતી. માના દર્શન કરવા જાઉં છું ત્યાં પૂ. મા પધારે છે અને મંદિરના પૂજારીને પોતાના અંગત ખર્ચ માટે પૈસા આપે છે, તે રસીદ આપવા જાય છે પૂ. મા ના પાડે છે.

પ્રત્યક્ષ પ્રેમસ્વરૂપા ચંદ્રવદની ભગવાન યોગેશ્વરની ચકોરી મા ભગવતીને પ્રણામ કર્યા. તેમના કૃપાકટાક્ષથી મારા ત્રિતાપ ટળ્યા! અને એક નૂતન શક્તિ અને આનંદ પ્રસન્નતાના ફુવારા મારા અંતરમાં ઉડવા લાગ્યા! હું એક નૂતન જીવન પામી હોઇ અને તે માટે મા ભગવતીને ધન્યવાદ આપવા માટે મારી પાસે કોઇ શબ્દ ન હતા. માત્ર પ્રણામ ને જપ કૃપાળુ માનું નામ હતાં. તેથી જ જ્યારે અમે સૌએ નીચે ઉતરવાનું શરું કર્યું તો પૂ. મા ભગવાન શિવની મૂર્તિ છે ત્યાં પ્રણામ કરવા કરવા ગયાં. અને પછી ૬૦ જેટલા યુવાન ભાઇ બહેનો સાથે ફોટાગ્રાફ–વિડીયો ઉતાર્યા. સૌના હૃદયમાં આનંદ ઉત્સાહની હેલી ચઢી. સૌએ મળી એક ગરબો પણ ગાયો.

એ રીતે મંદિરથી ૨૦ થી ૨૫ પગથિયાં ઉતર્યા ત્યાં સુધી ગરબો ગાયો. પૂ. મા કહે ધૂન ગાવ. ખબર નહિ પણ ૐ મા–જય માની ધૂનથી ચંદ્રવદનીના પર્વતોની હારમાળા ગુંજી ઉઠી. સૌ યુવાન ભાઇ–બ્હેનોને પૂ. માએ આગળ ઉતરવા કહ્યું! પૂ. મા પોતાની અલગારી મસ્તીથી પુર જોષથી પગથિયાં ઉતરી રહ્યાં હતાં. એ દર્શન પણ કરવા જેવું છે. આ વખતે યાત્રામાં ટોળું ખૂબ મોટું હતું, જેથી પૂ. માને ઉતરવાની પણ અગવડ પડી. પોતાની મસ્તીથી મા ઉતરતાં હોય, ત્યારે તેમને એમની મસ્તીમાં જ મુક્ત રાખવાં જોઇએ અથવા પૂ. માને આપણે સૌએ અનુકૂળતા ધરવી જોઇએ, તે જણાયું.



પૂ. મા પોતાના બાળકોને આનંદ આપતાં પર્વતપરથી નદી જે રીતે નાચતી કુદતી હોય તે રીતે ખૂબ જ મસ્તીથી અને આનંદ પ્રસન્નતાથી ઉતરી તળેટીમાં આવી પહોંચ્યાં. મા ચંદ્રવદનીના દર્શનથી છેક તળેટી સુધી પૂ. માની અનહદ કૃપાને યાદ કરી હૃદય–મન–તન માના શ્રીચરણે નમી રહ્યું!

અમારી ગાડી પુનઃ દેવપ્રયાગ થઇને હરિદ્વારના રસ્તે પાછી વળી. આ વખતે ગાડીમાં આગળ મુનીન્દ્રજી અને સાવિત્રીદેવી હતાં. તેમની સાથે પૂ. શ્રીના પરિચયની વાત થઇ. એમણે એક વાત કરી કે મહાત્માજીએ સાધના તો હિમાલયના પાવન પ્રદેશમાં પણ, મહાત્માજી વર્ષા છે તો ગુજરાતમાં. ગુજરાતમાં એવા કેટલાય ભાઇ–બહેનો છે જેના ઘરે પ્રત્યક્ષ પ્રભુ ગયા નથી! છતાં એ ભાઇ–બહેનોની શ્રદ્ધાભક્તિ દૃઢ છે, અને ત્યારે સમજાય છે કે પૂ. શ્રીએ અમારા પર કેટલી કૃપા કરી છે કે તેઓ અમારે ત્યાં સામેથી પધાર્યા.

પૂ. મા મુનીન્દ્રજી સાથે વાતો કરે છે, તેઓ પોતાની વાત કરતા હોય છે તો હું બારીમાંથી પર્વતના સૌંદર્યનું દર્શન કરતી હોઉં છું તો પૂ. માએ તરત જ ઇશારાથી કહ્યું "વાત સાંભળ!" અને પછી પૂ. શ્રીને બતાવી કહે, "આમને જ જોયા કર!"

# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'કોની મદદથી?'

'મારીચની મદદથી.'

'મારીચની?'

'હા. મારીચની.'

મંદોદરીએ રાવણે કહેલી સઘળી વાત સંક્ષેપમાં કહી બતાવી.

એ સાંભળીને વિભીષણની પીડાનો પાર ના રહ્યો. એ બોલ્યો : 'રાવણે આ ભયંકર કુકર્મ કરીને હાથે કરીને પીડા વહોરી લીધી છે ને કાળને કંકોત્રી લખી છે. એ જો વેળાસર સમજી નહિ જાય તો પોતાનો તથા લંકાસહિત આખા પરિવારનો નાશ, એણે પોતાના જીવનમાં આજ સુધી કેટલીય કોડીલી કામણગારી કન્યાઓના તથા સ્ત્રીઓના હરણ કર્યાં છે, પરંતુ સીતાનું એણે કરેલું હરણ તો એવું લાગે છે કે એના નાશના નિમિત્તરૂપ છે. રામની હાજરીમાં સીતાનું હરણ કરવાની હિંમત એ કરી જ ના શકે. એને રામના અદ્‌ભુત બાહુબલની અને અજોડ પરાક્રમની ખબર છે. સીતાના હરણનો કીમિયો કરે તો રામ એને જીવતો જ ના જવા દે. એટલા માટે જ મારીચ સાથે મળીને સુવર્ણમૃગની છળકપટ યુક્ત યોજના કરીને એણે પોતાનું ધારેલું કામ સિદ્ધ કર્યું, પરંતુ એ કામ એને માટે આશીર્વાદરૂપ નહિ બને.'

'મને પણ એવું જ લાગે છે.' મંદોદરી બોલી : 'આ અનર્થકારક કર્મ કરીને એમણે પ્રજ્વલિત પાવકમાં પોતાના શરીરને નાખી દીધું હોય એવું લાગ્યા કરે છે. એ પ્રજ્વલિત પાવક એમનો નાશ કરશે. મેં એમને સીતાને સન્માનપૂર્વક છોડી દેવા ને રામની પાસે પહોંચાડવા ઘણું ઘણું સમજાવ્યા પણ એ માનતા જ નથી. એ તો સીતાને પોતાની



પટરાણી બનાવવા માગે છે.'

'પટરાણી?'

'હા. પટરાણી.'

'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ તે આનું નામ. રાવણનો વિનાશ થવાનો હશે એટલે જ એની બુદ્ધિ એવી વિપરીત બની છે. સીતા એક મહાન સતી છે, અને એ માથું પછાડીને મરી જાય તોપણ એની પટરાણી નહિ બની શકે. મારું અંતર તો એવું કહે છે.'

'એ વાત સાચી છે. સીતા એટલી બધી પવિત્ર છે કે સામાન્ય માનવને તો એની કલ્પના પણ ના આવી શકે. એનું મન દિવસ રાત રામમાં જ રમ્યા કરે છે. એ રામનું જ સ્મરણ, મનન અને નિદિધ્યાસન કરે છે. રામ વિના સ્વપ્ને પણ બીજા કોઇનું ધ્યાન નથી ધરતી. રામની વિરહવ્યથાથી એ વ્યાકુળ છે. એનું વદન સુકાઇ ગયું છે અને એનો આનંદ ઉડી ગયો છે. અને એની શાંતિ ને સ્થિરતા જતી રહી છે.'

વિભીષણ થોડીવાર વિચારમગ્ન બનીને બોલ્યો : 'રાવણને આટઆટલી બુદ્ધિ પ્રાપ્ત હોવા છતાં આવું કુકર્મ કેમ સૂઝ્યું એ જ મને નથી સમજાતું. એના જેવા પ્રખરપંડિતને આવો ઘોર અપરાધ કરીને હાથે કરીને મૃત્યુના મુખમાં પડવાનું કેમ પસંદ પડ્યું?

મંદોદરી દુઃખી થઇને બોલી : 'એના પરથી અનુમાન થાય છે કે એમનું ભાગ્ય ઊલટું છે. નહિ તો આવું પગલું ના જ ભરે. સીતાની ચિંતા, પીડા તથા યંત્રણાની અસર એમના પર જરા પણ નથી થતી. એમનું રુંવાડુંયે એથી નથી હાલતું. મેં સીતાની મુલાકાત લઇને એને થોડી ઘણી શાંતિ ને ધીરજ પૂરી પાડવાનો પ્રયાસ કરી જોયો, પરંતુ એનું મન શાંત ના થયું. એ તો રામના સતત સ્મરણથી રડયા જ કરે છે. એનું દુઃખ મારાથી નથી જોવાતું. એની ચિંતામાં મારી ઉંઘ ઉડી ગઇ છે ને મને કશું ગમતું જ નથી.'

'મારું હૃદય પણ આ સમાચાર સાંભળીને રડી ઊઠે છે.' વિભીષણે જણાવ્યું : 'સીતાની દશા ખરેખર ઘણી દુઃખદ હશે. મેં રામ અને'સીતા

વિષે સાંભળ્યું છે. ત્યારથી જ મારા અંતરમાં એમને માટે અપાર અનુરાગ અને આદરભાવ પેદા થયો છે. એમના દર્શનની ઈચ્છા મારા મનમાં નિરંતર રમ્યા કરે છે. જીવનમાં કોઈકવાર તો એમના દર્શનનો સુયોગ સાંપડશે જ એવી આશામાં જીવ્યા કરું છું. એમણે સ્થાપેલી નીતિ ને ધર્મની મર્યાદાએ મને મુગ્ધ કર્યો છે, અને એમના પરાક્રમની તથા પવિત્ર વ્યવહારની ગાથાએ મને પ્રભાવિત કરીને અનેરો આનંદ ધર્યો છે. એમાં આવા કરુણ સમાચાર સાંભળીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. આવા સમાચારની મને આશા પણ ન હતી.'

'છતાં પણ એ બધું બની ગયું છે. સીતાનું હરણ એક હકીકત થઈ ચૂકી છે. સીતાને છોડાવવાને શાંતિ આપવા માટે આપણું અંતર આતુર હોય એ સ્વાભાવિક છે. એનો બીજો કોઈ ઉપાય ન દેખાવાથી જ મેં તમને બોલાવ્યા છે. તમારા વિચાર અને તમારો વ્યવહાર શાસ્ત્રસંગત તથા નિર્મળ છે. નીતિ અથવા સદાચારની મંગલ મહાપુરુષોને માન મર્યાદામાં રહીને તમે તમારાં કામોની અનુષ્ઠાને કર્યા કરો છો. એટલે તમારા માર્ગદર્શનનું મૂલ્ય પણ મોટું છે. ચારે તરફ અંધકાર દેખાવાથી અને સીતાની શાંતિ તથા મુક્તિના સંબંધમાં કાંઈ ના સમજાવાથી જ મેં તમને બોલાવ્યા છે. તમારું માર્ગદર્શન મારે માટે ખૂબ જ મહત્ત્વનું બની રહેશે.'

વિભીષણ વિચારમાં પડયો.

લાંબા વખત લગી વિચારમાં ડૂબેલો રહીને આખરે એ બોલ્યો : 'રાવણનો સ્વભાવ ઘણો જ વિચિત્ર છે, એણે તમારી વિનતિને નથી માની અથવા તમને પણ કશી દાદ નથી આપી એના પરથી એનું કાળજું બધું કઠોર છે તેની પ્રતીતિ સહેલાઈથી થઈ શકે છે. એને અવસર મળતાં સમજાવવાનો મારાથી બનતો બધો જ પ્રયાસ કરી જોઈશ, પરંતુ મારી શિખામણ પણ એને ગળે ઉતરશે કે કેમ એ શંકા જ છે, છતાં પણ પ્રયાસ કરવામાં કશી હરકત નથી દેખાતી. મારો પ્રયાસ ફળશે તો તો સારું છે, એના જેવું ઉત્તમ બીજું કશું જ નહિ હોય; નહિ તો પછી આપણે રામની શક્તિ ને સીતાની તપશ્ચર્યા, નિષ્ઠા,



અને પવિત્ર પ્રીતિમાં વિશ્વાસ રાખીને આપણાં ઊંડા દુઃખને સહન કરવાની શક્તિ કેળવતા થોડીક ધીરજ રાખવી પડશે. રામ વહેલા કે મોડાં પણ લંકામાં જરૂર આવી પહોંચશે, તે સીતાને મુક્ત કરશે તથા આપણને પોતાના દર્શનનો દેવ દુર્લભ દૈવી આનંદ આપશે.' એટલું બોલતાં વિભીષણ ગળગળો થઈ ગયો. એનું હૈયું ભરાઈ આવ્યું. ભાવથી ભરપૂર બનેલું એ હૈયું આંખના અશ્રુ વાટે જાણે કે બહાર આવ્યું.

મંદોદરી પણ વિભીષણની એવી અવસ્થા જોઈને ભાવવિભોર બની ગઈ ને બોલી : 'તમારા શબ્દોને અને એમાં નીતરતા ભાવને હું સારી પેઠે સમજી શકું છું. એ ભાવ મારા હૈયાને પણ સ્પર્શે છે. ને હલાવે છે. આપણાથી બનતા બધા જ ઉપાયો આપણે કરી જોઈશું છતાં પણ એ નહિ ફળે તો છેવટનો ઉપાય તો ધીરજ રાખીને રામના શુભાગમનની પ્રતીક્ષા કરવાનો જ રહેશે તે બરાબર છે. બીજો કોઈ માર્ગ અત્યારે નથી દેખાતો.'

વિભીષણે સ્વસ્થ થઈને કહ્યું : 'બીજો માર્ગગ હોય તોપણ અક્સીર અથવા સલામત નહિ હોય, સીતાને અશોકવાટિકામાંથી છૂટી કરીને રામ પાસે પહોંચાડી દેવાની શક્તિ મારી અંદર અવશ્ય છે. હું એને છૂટી કરીને રામ પાસે પહોંચાડવાનો પ્રયત્ન કરું પણ ખરો, પરંતુ મને મારા એ કાર્યમાં કોઈની મદદ ના મળે. રાવણના ભયને લીધે કોઈ મને મદદ કરવા તૈયાર જ ના થાય. અને એકલે હાથે એ કાર્યની સિદ્ધિ કરવાનું મારે માટે અશક્ય થઈ પડે. સીતાને એકલે હાથે છોડાવવાનો પ્રયત્ન કરતાં મારે રાવણનો રોષ વહોરી લેવો પડે તેની મને ચિંતા નથી, પરંતુ એના પરિણામે રાવણ સાથે યુદ્ધમાં ઉતરવું પડે, અને એ પરિસ્થિતિમાં મારાથી વિજયી ના બની શકાય. એને લીધે સીતાને વધારે મુસીબતમાં મૂકાવું પડે. માટે જ એવા દુસ્સાહસથી દૂર રહેવા માગું છું

'બરાબર છે. એવા દુસ્સાહસનું પરિણામ સારું ના જ આવે, એટલે એનો આશ્રય લેવો નકામો છે. હું પોતે જ એવું દુસ્સાહસ કરવાની સલાહ નથી આપતી કારણ કે એના પરિણામ રૂપે જેને આપણે ઉગારવા માગીએ છીએ તે સીતાનું જ જીવન દુઃખી બની જાય.

રાવણ રોષે ભરાઈને એનો નાશ પણ કરી નાખે, એ ક્યારે કેવી જાતનું પગલું ભરી બેસે તે વિશે કશું જ ના કહી શકાય. માટે એમને એવી રીતે છંછેડવાને બદલે શાંતિપૂર્વક વિચારીને બીજા ઉપાયોનો આધાર લેવો એ જ ઉચિત છે.'

'સીતાના દર્શનની ઇચ્છા તો મારા મનમાં પેદા થાય જ છે. એમ થાય છે કે એની એકાદવાર ઝાંખી કરીને જીવનને ધન્ય કરું. પરંતુ અશોકવાટિકામાં રાવણે ઘણો જ કડક ચોકી પહેરો રાખ્યો હશે અને એમાં જવાની અનુજ્ઞા બીજા કોઈને પણ નહિ અપાતી હોય.'

મંદોદરી બોલી : 'તમારી એવી અનુજ્ઞાની શી જરૂર છે? તમને એની અંદર પ્રવેશ કરતાં કોણ અટકાવવાનું છે? તમે ચાહશો તો મારી સાથે પણ આવી શકશો.'

'છતાં પણ એ ઇચ્છાને હાલ થોડા વખત માટે રોકી રાખું એજ બરાબર છે જેથી રાવણને કોઈ વિશેષ શંકા ના થાય રાવણને મારા વર્તન પરથી અકાળે કોઈ શંકા જાય તોપણ નકામું છે.'

...'એમને કશી જ શંકા નથી થવાની. અને થશે તો હું એની શંકા સારી રીતે દૂર કરીશ. તમે મારી સાથે પણ આવી શકો છો. તમારા આવવાથી સીતાને સાંત્વન મળશે.'

'એ બાબત શાંતિથી વિચારી જોઈ ને સીતાને યોગ્ય સમયે મળીશ, અત્યારે તો તુંજ એને સાંત્વન આપે એ બરાબર છે.'

'છતાં પણ તમે એકવાર મારી સાથે આવો એવી મારી ઇચ્છા તો છે જ.'

'જોઈશું.'

( ક્રમશઃ )

## મનના દાસત્વમાંથી મુક્તિ મેળવનારા વિરલ હોય છે

શાન્તિ અને સનાતન શાન્તિમાં ભેદ છે. સુખ અને શાશ્વત સુખ વચ્ચે મહત્ત્વનો તફાવત છે. આનંદ અને પરમાનંદ પણ પૃથક્ છે. સંસારમાં સુખ, શાંતિ, આનંદ તો ઓછાવત્તા પ્રમાણમાં લગભગ સહુને સાંપડે છે, સહુ એમને અનુભવે છે, કિન્તુ એ અનિત્ય હોય છે. આજે જે આનંદ હોય છે તે પરિસ્થિતિ કે પ્રસંગો પલટાતાં સત્વર શોકમાં પરિણમે છે. જે સુખ હોય છે તે દુઃખમાં પલટાય છે; અને જે શાન્તિ હોય છે તે અશાન્તિમાં પરિવર્તન પામે છે. એવે વખતે જીવવાનું કપરૂ લાગે છે, રસમય જીવન નીરસતાના નમૂનારૂપ બની જાય છે.

આમ સર્વ સાધારણ માનવોની આનંદમય જીવનની મહેલાતો વધારે ભાગે સંજોગો પર આધાર રાખે છે. લક્ષ્મી, સંપત્તિ, સુયશ, સ્નેહસંબંધ, સાનુકૂળતા, સ્વાસ્થ્ય, સફળતા જેવાં બાહ્ય સાધનો કે ઉપકરણો પર અવલંબે છે. પરંતુ એમની ક્ષતિ થતાં અને સંજોગો બદલાતાં સુખ, શાન્તિ, આનંદ અદૃશ્ય થાય છે. એમની આખીય ઈમારત હલવા માંડે છે ને કેટલીક વાર તો ભાંગીને ભુક્કો પણ થઈ જાય છે.

આમ માનવ પરિસ્થિતિનો દાસ છે ને સંજોગોનો શિકાર બને છે. પરંતુ પોતાના મન પર સંયમ સ્થાપીને એ દાસત્વમાંથી મુક્તિ મેળવનારા મહાપુરુષ કોઈ વિરલ જ હોય છે. એવા મહાપુરુષ પ્રત્યેક પ્રકારની પરિસ્થિતિમાં સ્વસ્થ, શાંત, આનંદમગ્ન રહી શકે છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ગાયત્રીમંત્રની ફલશ્રુતિ *

ગાયત્રીમંત્ર દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે કે પરમાત્મા અમારી બુદ્ધિને પ્રેરિત કરે. બુદ્ધિ જ્યારે પરમાત્માથી પ્રેરિત થાય અથવા પરમાત્માની પવિત્ર પ્રેરણાને ઝીલતી થાય, ત્યારે સત્યવતી થાય છે ને સન્માર્ગગામિની બને છે. એ ભૂલેચૂકે પણ કુમાર્ગે નથી જતી. એની અંદર અશુભ સંકલ્પોની સૃષ્ટિ નથી થતી. એવી સદ્‌બુદ્ધિ પર જીવનના પરમકલ્યાણનો આધાર રહેલો છે. તો પણ ગાયત્રીમંત્રની શક્તિ તેમ જ ફલશ્રુતિ કેવળ સદ્‌બુદ્ધિની સંપ્રાપ્તિ પુરતી સીમિત છે એવું નથી સમજવાનું. માનવની બુદ્ધિ જ્યારે પરમાત્માથી પ્રેરિત થાય છે ત્યારે સત્યસ્વરૂપ પરમાત્મા પ્રત્યે વળે છે અને અંતે આત્મિક સાધનાની મદદથી પરમાત્માનો સાક્ષાત્કાર કરીને ધન્ય બને છે.

એવી રીતે વિચારવાથી સમજાશે કે ગાયત્રીમંત્ર એ કેવળ સદ્‌બુદ્ધિની સંપ્રાપ્તિ માટેનો મંત્ર નથી, પરંતુ એની મદદથી જે પરમાત્માનું ધ્યાન ધરવામાં આવે છે તે પરમાત્માની કૃપાપ્રાપ્તિનો, અપરોક્ષ અનુભૂતિનો અને સમસ્ત જીવનને સર્વકાળે, સર્વસ્થળે, સર્વપ્રકારે પરમાત્મામય બનાવવા માટેનો મંગલમય મહામંત્ર છે. એથી એની સહાયતા એવી સર્વાંગીણ સમજ સાથે લેવામાં આવે તો તે પરમ શ્રેયસ્કર સિદ્ધ થઈ શકે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.